RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 294* Date: 21.08.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-


## સોમનાથ મંદિર નજીક અંદાજે ૨૫ કરોડના ખર્ચે બનનાર પાર્વતી મંદિરનો પીએમનાં હસ્તે શિલાન્યાસ

# નવા પ્રોજેક્ટ આધ્યાત્મિક ટુરિઝમ ઈન્ડસ્ટ્રીને નવી ઉર્જા આપશેઃ મોદી



સોમનાથ તા.૨૦

જય સોમનાથથી સંબોધન શરૂ કરનાર પીએમ મોદીએ કહ્યું કે, હુ વર્ચ્યુઅલી જોડાયો છું, પણ મનથી હુ સ્વંયને સોમનાથના ચરણમાં અર્પણ કરુ છું. હુ ખુશ છું કે મને પુણ્ય કામની તક મળી છે. આજે આપણે આ પવિત્ર કામના સાક્ષી બન્યા છે. આજે મને સમુદ્ર દર્શન પથ, સોમનાથ પ્રદર્શન ગેલેરી અને જીર્ણોદ્ધાર બાદ નવા સ્વરૂપમાં જૂના સોમનાથ મંદિરના લોકાર્પમનું સૌભાગ્ય મળ્યુ છે. આટલુ પુનિત સહયોગ અને સાથે શ્રાવણનો પવિત્ર મહિનો... આ તમામ માટે ભગવાન સોમનાથના આર્શીવાદની સિદ્ધી છે. લોહપુરુષ સરદાર પટેલના ચરણમાં નમન કરું છું, જેમણે ભારતના પ્રાચીન ગૌરવને જીવંત કર્યું. તેમણે મંદિરને સ્વતંત્ર ભારતના સ્વતંત્ર ભારત સાથે જોડાયેલ માનતા હતા. આઝાદીના ૭૫ માં વર્ષે આપણે તેમના પ્રયાસોને આગળ વધારીએ છીએ. સોમનાથને નવી ભવ્યતા આપી છે. લોકમાતા અહલ્યાબાઈ હોલકરને મારા પ્રણામ છે. જેમણે અનેક મંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા. પ્રાચીન અને આધુનિકતાનું સંગમ તેમણે કરાવ્યું. પર્યટન સાથે જ્યારે આધુનિકતા સાથે જોડાય તો કેવા ચેન્જિસ આવે છે તે ગુજરાતે જોયુ છે. સ્થાનિક બાબતોને વધુ મજબૂત કરવામાં આવે.

તેમણે કહ્યું કે, સોમનાથ સદીઓથી શિવની ભૂમિ રહી છે. જે કલ્યાણને જે સિદ્ધિને પ્રદાન કરે છે તે શિવ છે. શિવ વિનાશમાં પણ વિકાસનું બીજ અંકુરિત કરે છે. સંહારમાં સર્જનને જન્મ આપે છે. તેથી શિવ અવિનાશી છે. તે અવ્યક્ત છે. શિવ અનાદી છે. તેથી શિવને અનાદી યોગી કહેવાય છે. સોમનાથનું આ મંદિર આપણા આત્મવિશ્વાસનું પ્રેરણાસ્થળ છે. દુનિયામાં કોઈ આ ભવ્ય સંરચનાને જુઓ તો તેને માત્ર મંદિર નથી દેખાતુ, પણ તેને એવુ અસ્તિત્વ દેખાય છે જે હજારો વર્ષોથી પ્રેરણા આપે છે. આ એવુ સ્થળ છે, જેને હજારો વર્ષો પહેલા આપણા ઋષિઓએ પ્રકાશનું ક્ષેત્ર બતાવ્યું છે. જે આજે વિશ્વ સામે આહવાન કરે છે કે સત્યને અસત્ય સામે હરાવી શકાતુ નથી. આ મંદિરને સેંકડો વર્ષોના ઈતિહાસમાં અનેકવાર તોડાયું છે. મૂર્તિઓને ખંડિત કરાયું. તેનુ અસ્તિત્વ મટાવવાનો પ્રયાસ કરાયો. પરંતુ તેને જેટલીવાર પાડવામાં આવ્યું, તે એટલીવાર ઉભુ થયું. તેથી તે આજે માત્ર ભારત જ નહિ, પણ સમગ્ર વિશ્વનું વિશ્વાસ છે. પીએમ મોદીએ જણાવ્યું કે, રાજેન્દ્ર પ્રસાદ સોમનાથ આવ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે, સદીઓ પહેલા ભારત સોના-ચાંદીનો ભંડાર હતું. દુનિયાભરના સોનાનો હિસ્સો ભારતના મંદિરમાં હતા. પ્રથમ રાષ્ટ્રપતિનું આ સપનુ આપણા માટે મોટી પ્રેરણા છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો પ્રયાસ... આપણે ત્યાં જે જ્યોતિર્લિંગની સ્થાપના કરાઈ છે,

### દરિયાકિનારે ૪૯ કરોડ રૂપિયાના ખર્ચે વોક વે ખુલ્લો મૂકાયો, ‘સમુદ્ર દર્શન’ નામ અપાયું

તેની શરૂઆત સોમનાથથી થાય છે. ૧૨ જ્યોર્તિલિંગ સમગ્ર ભારતને જોડવાનુ કામ કરે છે. તેવી જ રીતે ચારેય ધામ, શક્તિપીઠ, તીર્થધામ આપણી આસ્થા એક ભારત શ્રેષ્ઠ ભારત બતાવે છે. દુનિયા સદીઓથી આશ્ચર્યચકિત થતુ આવ્યુ છે કે વિવિધતાઓથી ભરેલુ ભારત એક કેવી રીતે છે.

આપણે એકબીજાની ભાષા નથી સમજતા, પણ આદતોથી બધા એક છે. આ બાબતે સદીઓથી ભારતને એકતાના સૂત્રને બાંધવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આપણુ દાયિત્વ છે કે તેને સતત મજબૂત કરતા રહેવુ. દર્શન, સંસ્કૃતિ અને આધ્યાત્મ તરફ સૌ આકર્ષિત થઈ રહ્યા છે. નવી પેઢીમાં પણ આ મામલે જાગૃતતા આવી છે. તેથી જ આધ્યાત્મિક ટુરિઝમમાં અનેક શક્યતાઓ છે. તેથી જ પ્રાચીન ગૌરવને પુનજીવિત કરવામાં આવી રહ્યા છે. રામાયણ સર્કિટનું ઉદાહરણ આપણી સામે છે.

આપણા પૂર્વજોને દીર્ઘદ્રષ્ટિ એટલી હતી કે, તેમણે દૂરના વિસ્તારોને પણ આસ્થા સાથે જોડવાનો પ્રયાસ કર્યો. જયારે આપણી પાસે આધુનિક સુવિધાઓ આવે તો આપણે તેને દુર્ગમ સમજીને છોડી દીધા. આપણા પર્વતીયા વિસ્તારો તેનુ મોટુ ઉદાહરણ છે. પરંતુ હવે આપણે તેને પણ આવરી લીધા છે. શહેરોને જોડવા માટે કનેક્ટિવિટી પર પણ કામ કરાઈ રહ્યુ છે. જેથી પર્યટક એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકે. આ તમામ પ્રોજેક્ટ ટુરિઝમ ઈન્ડસ્ટ્રીને આગામી સમયમાં નવી ઉર્જા આપશે. ભારત ૨૦૧૩ માં ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈન્ડેક્સમાં ૬૩ માં સ્થાન પર હતું, તે ૨૦૧૯ માં ૩૪ માં સ્થાન પર આવી ગયુ છે. ટુરિઝમ સેન્ટરમાં હોસ્પિટાલિટી સેક્ટર સાથે જોડવાથી અનેક ફાયદા થશે. લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, સૌભાગ્ય છે કે સોમનાથ ટ્રસ્ટમાં પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સામેલ છે. તેમણે સોમનાથના વિકાસમાં નવી ગતિ આપી છે. આ વિકાસકાર્યોથી સોમનાથનું પ્રાચીન વૈભવ પરત મળ્યું છે. પ્રભાસ તીર્થને સુંદર બનાવવામાં પીએમ મોદીનો ભગીરથ પ્રયાસ રહ્યો છે. પ્રાચીન તીર્થની ગરિમા આજે આકાશ આંબી રહી છે.

### વિદેશ મંત્રાલયનુ અફઘાન સેલ ૨૪ કલાક સક્રિય

## કાબુલથી એરલિફ્ટ કરી ૭૦ અફઘાની નાગરિક સાથે ૨૨૦ ભારતીયોને લવાશે

કાબુલ, તા.૨૦

અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયોને કાઢવા માટે ભારત સરકાર એક્શનમાં છે અને લોકોને પાછા લાવવાનો પ્રયત્ન સતત જારી છે. અફઘાનિસ્તાનથી ભારતીય વાયુસેનાનુ વધુ એક કાબુલથી આવી રહેલુ ઝ-૧૭ વિમાન આજે ગાઝિયાબાદના હિંડન એરબેસમાં લેન્ડ કરી શકે છે. આ વખતે ઝ-૧૭ વિમાનથી અફઘાનિસ્તાનમાં ફસાયેલા ૨૯૦ લોકોને ભારત લાવવામાં આવી શકે છે. આ ૨૯૦ લોકોમાં ૨૨૦ ભારતીય અને ૭૦ અફઘાનિસ્તાનના નાગરિક સામેલ છે. સૂત્રો અનુસાર જેમાં કેટલાક શીખ પણ સામેલ છે. અફઘાનિસ્તાનના તે શીખ છે, જેમણે ભારત સરકારને ત્યાંથી બહાર નીકાળવાની અપીલ કરી હતી. સૂત્રો અનુસાર ઓપરેશન એરલિફ્ટ ટુમાં આ વખતે કેટલાક અફઘાનિસ્તાનના સાંસદ પણ ભારત આવી શકે છે. આ વિમાન હિંડન એરબેઝ પર ક્યારે ઉતરશે, અત્યારે આને લઈને કોઈ પાક્કી જાણકારી મળી નથી, પરંતુ આ લોકો માટે સવારે-સવારે જ ૫ બસ હિંડન એરબેઝ પહોંચી ચૂકી છે.વિદેશ મંત્રાલયના સૂત્રો અનુસાર મળેલી જાણકારી અનુસાર અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયની વતન વાપસીને લઈને વિદેશ મંત્રાલય એક્શનમાં આવી ચૂક્યુ છે. આ માટે અફઘાનિસ્તાનમાં રહેનારા તમામ ભારતીયના ડેટા તૈયાર કરવામાં આવી રહ્યા છે અને હેલ્પલાઈન નંબરથી સતત ૨૪ કલાક વિગત તૈયાર કરી ચૂકી છે. વિદેશ મંત્રાલયનુ અફઘાન સેલ ૨૪ કલાક સક્રિય છે અને ફોન તેમજ ઈમેલ દ્વારા સંપર્ક કરી શકાય છે.

અફઘાન સેલ ૧૬ ઓગસ્ટથી કામ કરી રહ્યુ છે અને વિઝા માટે ઓનલાઈન અરજી સ્વીકાર કરવામાં આવી રહી છે. કાબુલ સ્થિત ભારતીય દૂતાવાસમાંથી તમામ ભારતીય કર્મચારી પાછા આવી ચૂક્યા છે અને દૂતાવાસમાં અત્યારે ૩૫-૪૦ સ્થાનિક લોકોનો સ્ટાફ હાજર છે. જોકે અફઘાનિસ્તાનમાં કુલ કેટલા ભારતીય છે, આનો આંકડો નથી પરંતુ ૪૦૦થી ૫૦૦ ભારતીય હોવાનુ અનુમાન છે. એરપોર્ટ પહોંચેલા તમામ ભારતીય માટે વાયુસેનાનુ અભિયાન ચાલુ છે.

અફઘાનિસ્તાનમાં ફસાયેલા તમામ ભારતીયોના સંપર્ક કરવામાં આવી રહ્યા છે અને દૂરના વિસ્તારોમાં ફસાયેલા લોકોને મુશ્કેલી પડી રહી છે. અફઘાનિસ્તાનના પાડોશી દેશોમાંથી પણ વિમાનોનુ આયોજન થઈ રહ્યુ છે અને ભારત આ ઓપરેશનને સફળ બનાવવા માટે તમામ મિત્ર દેશો સાથે સતત સંપર્કમાં છે.

### પંપોરમાં ભારતીય સેનાએ બે આતંકવાદીઓને ઠાર માર્યા

શ્રીનગર, તા.૨૦

જમ્મુ-કાશ્મીરના અવંતીપોરાના પંપોર વિસ્તારમાં આજે સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ. આ અથડામણમાં સેનાએ બે આતંકવાદીઓને ઠાર માર્યા. જમ્મુ-કાશ્મીર પોલીસે જાણકારી આપી છે કે સેનાએ સમગ્ર વિસ્તારની ઘેરાબંદી કરી દીધી છે અને હવે સર્ચ ઓપરેશન ચાલુ છે.

પોલીસે જણાવ્યુ કે ઠાર મરાયેલા આતંકવાદી કોણ છે અને કયા આતંકી ગ્રૂપ સાથે જોડાયેલા હતા. આની જાણકારી હજુ સામે આવી નથી. પોલીસ અધિકારીઓએ કહ્યુ કે અમે પંપોર વિસ્તારમાં કેટલાક આતંકવાદી છુપાયા હોવાની જાણકારી મળી હતી.જે બાદ હવે અમારા જવાન વિસ્તારમાં સર્ચ ઓપરેશન કરવા ગયા તો આતંકવાદીઓએ તેમની પર ફાયરીગ કર્યુ. જવાબી કાર્યવાહીમાં જયારે સેનાએ ફાયરીંગ કર્યુ તો એક આતંકવાદી ઠાર મરાયો. સેનાએ અથડામણના સ્થળેથી હથિયાર અને ફાયરીગ સહિત કેટલીક આપત્તિજનક સામગ્રી પણ જપ્ત કરી છે.કુલગામમાં કાલે આતંકવાદીઓએ પોતાની પાર્ટીના નેતા ગુલામ હસન લોનની ગોળી મારીને હત્યા કરી દીધી છે. લોન ચાર મહિના પહેલા પીડીપીમાંથી રાજીનામુ આપીને પોતાની પાર્ટીમાં સામેલ થયા હતા. લગભગ ૧૫ દિવસની અંદર આ પ્રકારની ત્રીજી ઘટનાને આતંકવાદીઓએ અંજામ આપ્યો છે.૧૭ ઓગસ્ટે જ કુલગામના બ્રજલૂ જાગીર વિસ્તારમાં આતંકવાદીઓએ ભાજપ નેતા જાવેદ અહમદ ડારની ગોળી મારીને હત્યા કરી દીધી હતી.

## કાબુલના ગુરુદ્વારા તાલિબાની નેતા દ્વારા હિન્દુઓ અને શીખોને મદદની ખાત્રી આપી

અફઘાનિસ્તાન , ૨૦

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા વચ્ચે કાબુલના ગુરુદ્વારાનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો દિલ્હી શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીના પ્રમુખ મનજિંદર સિંહ સિરસાએ શેર કર્યો છે. તેમાં જોવા મળે છે કે તાલિબાન નેતાઓ કાબુલના ગુરુદ્વારા સાહિબ પહોંચ્યા છે. આ વીડિયો બાબતે મનજિંદર સિંહ સિરસા કહે છે કે તાલિબાનોએ કાબુલના ગુરુદ્વારામાં આશરો લીધેલા હિન્દુઓ અને શીખોને મળીને તેમને સુરક્ષાની ખાતરી આપી છે. સિરસાનું એવું પણ કહેવું છે કે અફઘાનિસ્તાનમાં જે ભારતીય પરિવાર ફસાયા છે તે બાબતે વડાપ્રધાન કાર્યાલય સાથે વાત કરી છે. ત્યાંથી જાણવા મળ્યું છે કે અફઘાનિસ્તાનમાં ફસાયેલા લોકો માટે શરૂ કરવામાં આવેલી નવી યોજના હેઠળ તમામ વિઝા મંજૂર કરવામાં આવ્યા છે. સિરસાનું કહેવું છે કે તેમણે કાબુલમાં ગુરુદ્વારા સમિતિના પ્રમુખ ગુરનામ સિંહ સાથે પણ વાત કરી છે. તેમણે કહ્યું હતું કે વિદેશ મંત્રાલયના લોકો તેમના સંપર્કમાં છે અને દરેકના વિઝા પણ મંજૂર કરવામાં આવ્યા છે. હવે કાબુલ છોડવાની રાહ જોવાઈ રહી છે. આ દરમિયાન આજે ૬ લોકોને ગુરુદ્વારાથી એરપોર્ટ પર પણ લઈ જવામાં આવી રહ્યા છે. તાલિબાન શાસન વચ્ચે અફઘાનિસ્તાનના કાર્યકારી રાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહે પણ તાલિબાન અને પાકિસ્તાન પર નિશાન સાધ્યું છે. તેમણે સોશિયલ મીડિયા દ્વારા કહ્યું હતું- ‘તમામ દેશોએ કાનૂની ધોરણોનું સન્માન કરવું જોઈએ, હિંસાનું નહીં, અફઘાનિસ્તાન એટલું મોટું છે કે પાકિસ્તાન એને ગળી શકે તેમ નથી કે તાલિબાન તેના પર શાસન કરી શકે તેમ નથી.

અમાનવીયતા અને આતંકવાદીઓ સામે શરણે થવાના પ્રકરણને તમારા ઈતિહાસમાં ઉમેરવા ન દો. સાલેહે એમ પણ કહ્યું હતું કે તેઓ રાષ્ટ્રધ્વજ ફરકાવનારા અને દેશના સન્માન માટે આગળ આવનારાઓને સલામ કરે છે. સાલેહનું આ નિવેદન જલાલાબાદની ઘટના બાદ આવ્યું છે, કારણ કે ગુરુવારે જલાલાબાદ સહિત કેટલાક વિસ્તારોમાંથી અફઘાન ધ્વજ લહેરાવતી તસવીરો સામે આવી હતી. અફઘાનિસ્તાન પર કબજો કર્યા પછી તાલિબાન ભલે દાવો કરી રહ્યા છે કે આ વખતે તેમનું શાસન પહેલાં જેવું રહેશે નહીં, પરંતુ વાસ્તવિકતા સામે આવી રહી છે. ત્રણ દિવસ પહેલાં કાબુલ કબજે કર્યા બાદ તાલિબાને કહ્યું હતું કે જેઓ અફઘાનિસ્તાન છોડવા માગે છે તેમને રોકવામાં આવશે નહીં, પરંતુ હવે તેમણે કાબુલ એરપોર્ટને ઘેરી લીધું છે અને લોકોને એરપોર્ટ સુધી પહોંચતાં પહેલાં જ અટકાવવામાં આવી રહ્યા છે. માત્ર વિદેશીઓને બહાર જવાની મંજૂરી આપવામાં આવી રહી છે. અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળી રહેલા તાલિબાનોએ પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. તાલિબાન નેતા વહીદુલ્લાહ હાશિમીએ કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં કોઈ લોકશાહી વ્યવસ્થા રહેશે નહીં, કારણ કે અહીં એનું કોઈ અસ્તિત્વ જ નથી.

## દોઢ કિમી લાંબો સમુદ્ર દર્શન વોક-વે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બનશે

સોમનાથ, ૨૦

સોમનાથ મંદિરની સમિપે દરિયાકિનાર ૪૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા દોઢ કિમી લાંબા વોક-વે પથ સોમનાથના સાગર દર્શન ગેસ્ટહાઉસથી ત્રિવેણી સંગમના બંધાર સુધીનો બનાવવામાં આવ્યો છે. સોમનાથ આવતા યાત્રિકોને વોક-વે પરથી એક તરફ સોમનાથ મહાદેવનું મંદિર અને બીજી તરફ ઘૂઘવતા સમુદ્રનો નજારો માણી શકે એ માટે દૂરબીન પણ મુકાયેલું છે. વોક-વે પથ પર યાત્રિકો સાઈકલિંગ અને વોકિંગનો લહાવો લઈ શકશે. વોક-વેમાં યાત્રિકો સમુદ્ર સામે બેસી લહાવો લઈ શકે એ માટે બેસવાની સુવિધા ઊભી કરવામાં આવી છે. વોક-વેની મદ?યે ફૂડ કોર્ટ કાર્યરત કરવાનું આયોજન કરવામાં આવી રહેલું હોય, જેનો ટૂંક સમયમાં લહાવો યાત્રિકોને મળતો થશે. ઉપરાંત વોક-વે પર પ્રવાસી ભારતની સંસ્કૃતિને લગતાં ચિત્રો નિહાળી શકશે, અહીં ગેલરીમાં રામાયણના જુદા-જુદા પ્રસંગોને તાદશ્ય કરતાં ચિત્રો મૂકવામાં આવ્યાં છે. રાત્રિના સમયે મ્યુઝિક અને રંગબેરંગી લાઈટ્સ વોક- વેની સુંદરતામાં વધારો કરશે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૨૭૨

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૪

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૦૦૮

## તંત્રી સ્થાનેથી...

# બજારમાં મળતી ખાદ્ય ચીજો હેલ્થ માટે કેટલી સલામત.....?

દેશભરમાં મોટાભાગના શહેરોમાં ભેળસેળ યુક્ત ખાદ્ય ખોરાક ચીજોનું વેચાણ વધતું ચાલ્યું છે જે આરોગ્ય તંત્ર દરોડા પાડે કે ખાદ્ય પદાર્થોના નમુના મેળવે ત્યારે બહાર આવતું રહે છે. જે તે શહેર કે રાજ્યનુ આરોગ્ય તંત્ર પણ ખાદ્ય ખોરાક ચકાસણીમાં ઊણા ઉતરે છે અને તેનું કારણ કે અપૂરતો સ્ટાફ....! આજના ઝડપી યુગમાં ઈન્સ્ટટ ખાદ્યખોરાકનું વધુ ચલણ ચાલવા લાગ્યું છે. લોકોને તૈયાર ખાદ્ય ખોરાક મળી રહે તો પોતે રાંધવાની રાહ જોતા નથી. તેમાં પણ નોકરિયાત વર્ગને વધુ તકલીફ પડે છે... ઘરથી દૂર નોકરી હોય અને જવાનું અંતર પણ રોજ એક કલાકથી વધુનું હોય...સવારે નોકરી પર પહોંચવાનુ થતું હોય... એ કારણે ઘરેથી ખાવાનું લઈ જઈ શકતા નથી અને તેઓને બહાર ધાબા, કેન્ટીન વગેરેમાંથી ખાવાનું ખાઈ લેવું પડે છે. તેમાં પણ રજાનો દિવસ હોય તો બહારનું ખાવાનું એવો એક ક્રેઝ થઈ ગયો છે. અને તેમાં ખાદ્ય ચીજો કેવા સ્થળેથી કે જગ્યા પરથી મળે છે તે કોઈ જોતું નથી. અને તેઓ કેવો ખોરાક કે નાસ્તો ખાઇ રહ્યા છે તે બાબતે કોઈ વિચાર કરતા નથી. ખાદ્યચીજોમાં સડેલા શાકભાજી, હલકા કે અખાદ્ય તેલ, અખાદ્ય ચીજવસ્તુઓ વપરાતી હોય છે તે મોટાભાગના લોકો જાણતા નથી... બસ જીભને સ્વાદ મળે એટલે પૂરતું..... તહેવારો આવતાની સાથે જ બજારમાં વેચાતા ખાદ્ય પદાર્થોમાં મીલાવટની શક્યતા વધી જતી હોય છે. ત્યારે બજારમાં વેચાતા ૩.૮% ખાદ્ય પદાર્થો ખાવા લાયક ન હોવાની ચોંકાવનારી વિગતો મહારાષ્ટ્ર રાજ્યમા બહાર આવી છે....જેના અનુસાર બજારમાં મળતા ખાદ્ય પદાર્થો મીલાવટવાળા હોય છે, અને લોકોના આરોગ્ય સામે જોખમ ઊભું કરનારા છે. ૨૪ ૫૮% નમૂના ખરા ઉતર્યા ન હતા, ફૂડ એન્ડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ ૨૦૧૯- ૨૦ ના વાર્ષિક રિપોર્ટમાં જાહેર કરેલ માહિતી અનુસાર બજારમાં વેચાઈ રહેલા ૨૪.૫૮ ટકા ખાદ્ય પદાર્થો ગુણવત્તા સ્તર કરતાં નીચા હતા, જ્યારે કે ખુલ્લેઆમ વેચાતા ખાદ્ય પદાર્થોમાં ૩.૮% ખાવા લાયક ન હતા. દેશભરના વિવિધ બજારોમાંથી ૧,૧૮,૭૭૫ સેમ્પલ આવેલા તેમાંથી ૧૪.૯૦ ટકા કેસો કોર્ટમાં સાબિત કરી શકેલ, જ્યારે કે ૨૭,૪૧૨ મા સિવિલ કેસ કરેલ, ૪૯૮૧ ઉપર ક્રિમિનલ કેસ કરેલ, ૨૦૧૮- ૧૯માં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ ૧,૦૬,૪૫૯ ખાદ્ય ચીજોના નમૂના ચકાસ્યા હતા તેમા ૩,૯૦૦ અસુરક્ષિત સાબિત થયા હતા, જ્યારેક ૨૧૬ સેમ્પલ તો ખાવા લાયક જ ન હતા. ત્યારે વિચારો ગુજરાતમાં લોકોનું આરોગ્ય જાળવવા દર વર્ષે બજારમાં મળતા ખાદ્ય પદાર્થોમાં કેટલા નમૂના મેળવવામાં આવે છે અને તે પૈકીના કેટલાક સુરક્ષિત હશે.....?

ગુજરાતમાં થોડા સમય પહેલા ભારતીય કૃષિ સંશોધન સંસ્થા સહિત વૈજ્ઞાનિકોએ ચોખા, ઘઉં વગેરે બાબતે તેમાના પોષક તત્વો અનુસંધાને સંશોધન કર્યું. તેઓના સંશોધનમાં ઘઉં અને ચોખામાંથી માનવશરીરને પોષક તત્વો મળી રહે છે પરંતુ ઘઉં, ચોખા જેવા કેટલાક પાકોમાં જંતુનાશકો, રાસાયણિક ખાતરો અને હાઇબ્રિડ બિયારણનો ઉપયોગ થતાં તેમાંના ઝિંક અને આયર્ન જેવા પોષક તત્વો ધીમે ધીમે નાશ પામી રહ્યા છે. જો કૃષિ ક્ષેત્રે આવી સ્થિતિ છે તો બજારમાં વેચાતા ખાદ્ય પદાર્થોની સ્થિતિ કઈ હશે....? ગુજરાતમાં ફૂડ સેફ્ટી માટે આરોગ્ય તંત્ર બજારોમાંથી મોટાભાગે તહેવારો આવતા હોય ત્યારે જ ખાદ્ય પદાર્થોના નમુના મેળવવા દોડે છે. જો નિયમિત રીતે જુદા જુદા બજારોમાંથી ખાદ્ય નમૂનાઓ મેળવાય તો લોકોને ગુણવત્તા યુક્ત ખાદ્ય પદાર્થો મળી રહે પણ મોટું કારણ સ્ટાફની અછત......! વંદે માતરમ

# ક્રુડના ભાવ ત્રણ ટકા તૂટી ત્રણ મહિનાના તલીયે ઉતર્યા

મુંબઈ તા.૨૦

વિશ્વબજારમાં ક્રુડના ભાવ આજે ત્રણ ટકા તૂટી ત્રણ મહિનાના તલીયે ઉતર્યા હતા. વૈશ્વિક સ્તરે ડેલ્ટા વાયરસનો ઉપદ્રવ વધતાં ક્રુડતેલ તથા કોપરના ભાવ પર નકારાત્મક અસર પડી હતી. માગ ઘટવાની ભીતી બતાવાઈ રહી હતી. ક્રૂડતેલના ભાવ આજે તૂટતાં ન્યુયોર્ક ક્રૂડના ભાવ ઘટી બેરલના સાંજે ૬૩.૨૮ ડોલર રહ્યા હતા જયારે બ્રેન્ટ ક્રૂડના ભાવ ઘટી ૬૬.૧૯ ડોલર રહ્યા હતા. અમેરિકામાં ગેસોલીનનો સ્ટોક વધતાં તેની અસર પણ ક્રૂડના ભાવ પર જોવા મળી હતી.

મુંબઈ ઝવેરીબજારમાં આજે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. બેંક હોલીડેના પગલે બુલીયન બજાર બંધ હતી પરંતુ બંધ બજારે સોનાના ભાવ વધી આવ્યા હતા જ્યારે ચાંદીના ભાવ નરમ બોલાઈ રહ્યા હતા. અમદાવાદ ઝવેરીબજારમાં આજે ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૮૦૦ તૂટી રૂ.૬૪000 બોલાતા હતા.

અમદાવાદ બજારમાં ચાંદીના ભાવ બે દિવસમાં રૂ.૨૦00 તૂટયા હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, વિશ્વબજારમાં સોનાના ભાવ જોકે આજે સાંજે ઉંચેથી ધીમા ઘટાડા વચ્ચે ઔંશના ૧૭૮૭થી ૧૭૮૮ ડોલર રહ્યાના સમાચાર હતા. અમેરિકામાં સરકાર દ્વારા કરાતા બોન્ડ બાઈંગમાં આગળ ઉપર ઘટાડો કરાશે એવી શક્યતા ચર્ચાતી થતાં વિશ્વબજારમાં ડોલર વધ્યો હતો સામે સોનાના ભાવ ઘટયા હતા.

મુંબઈ કરન્સી બજાર આજે સત્તાવાર બંધ રહી હતી. પરંતુ બંધ બજારો રૂપિયા સામે ડોલરના ભાવ ઉછળી રૂ.૭૪.૪૦થી ૭૪.૪૨ બોલાઈ રહ્યાનું બજારના સૂત્રોએ જણાવ્યં હતું. દરમિયાન, વિશ્વબજારમાં આજે ચાંદીના ભાવ ઔંશના ૨૩.૭૦થી ૨૩.૭૧ ડોલરવાળા ઘટી આજે ૨૩.૩૬થી ૨૩.૩૭ ડોલર બોલાયા હતા. દરમિયાન, વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ આશરે ત્રણ ટકા તૂટતાં તેની અસર પણ વૈશ્વિક સોનાના ભાવ પર આજે નેગેટીવ પડી હતી.મુંબઈ બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૪૭૦૮૭ વાળા જોકે રૂ.૪૭૨૦૦ રહ્યા હતા જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૪૭૭૨૬ વાળા રૂ.૪૭૪૦૦ રહ્યા હતા જ્યારે જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ આજે કિલોના જીએસટી વગર રૂ.૬૩૩૪૧ વાળા રૂ.૬૨૫૫૦ રહ્યા હતા. અમદાવાદ સોનાના ભાવ આજે ૯૯.૫૦ના રૂ.૪૮૯૦૦ તથતા ૯૯.૯૦ના રૂ.૪૯૧૦૦ રહ્યા હતા.

### સરકારને ૧૦૦ કરોડનો ચૂનો ચોપડનાર સુરત જિલ્લા શિક્ષણાધિકારી રાજયગુરુ

# મેટાસ એડવેનટીસ્ટ સ્કૂલ દ્વારા કરોડો રૂપિયા શિક્ષણ નામે શાળા મા બાળકો ના પ્રવેશ સમયે ગેરકાયદેસર વસૂલ કર્યાનું કબુલ.

સુરત જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદમાં દાખલ થયેલ ન્છ્-૩૨૯ /૨૦૨૦ અને જીઝછ-નંબર ૭૩૧૮/૨૦૨૦ ગુજરાત સરકાર વતી આ કેસમાં નામદાર અદાલતમાં એવું લખી જણાવેલ છે કે તેમના તપાસ અધિકારીઓના રીપોર્ટ મુજબ શાળાને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ની કલમ ૧૩(૧) સબબ કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. જિલ્લા શિક્ષણાધિકારી જણાવે છે કે શાળા દ્વારા પ્રવેશ નામે કેપિટેશન ફી અને ડોનેશન કી વસૂલ કરવા સંબંધી ફરિયાદ મળેલ છે. શિક્ષણાધિકારીએ ગુજરાત હાઈકોર્ટ અદાલત સમક્ષ જણાવેલ છે કે તેઓએ આર ટી ઈ એકટ ૨૦૧૨ના ભંગ સબબ શાળા સામે આરટીઈ એક્ટ ૨૦૧૨ કલમ ૧૪ (૧)(ખ) મુજબ ન્યાય તપાસ કરવા માટે પાંચ સભ્યોની સમિતિ પણ બનાવેલ હતી.

સુરત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નિયુક્ત તપાસ સમિતિ અને તેના રિપોર્ટ બાદ શાળાને ફટકારેલ નોટિસ સામે શાળાના સંચાલકોએ ગુજરાત નામદાર અદાલતમાં દાદ માંગી હતી. ડીઈઓની નોટીસ અને કાર્યવાહી રદ કરવા માટે ગુજરાત સરકારમાં દાવો કરી રજૂઆત કરી હતી.

અમારા અખબારનાં સૂત્રોને જાણવા મળેલ હકીકત મુજબ મેટાસ અડવેનટીસ્ટ સ્કુલ મંડળ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જે એલ.પી.એ કરી હતી.તે બાબતે તારીખ ૧૫/૦૬/ ૨૦૨૧ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટને મેટાસ સ્કુલ ,અઠવાલાઇન, સુરતની અરજીમાં કોઈપણ પ્રકારનું તથ્ય જણાતા નહી નામદાર ગુજરાત હાઇકોર્ટના જસ્ટિસ દ્વારા તત્કાલ પ્રભાવથી મેટાસ એડવેન્ટિસ્ટ, અઠવાલાઇન, સુરતની અરજી ખારીજ કરી દેવામાં આવી હતી. સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની રહેમનજર, મિલીભગતથી વાલીઓને એમની ફરીયાદ પડતર રાખી બબ્બે વર્ષ સુધી કોઈ કાનૂની કાર્યવાહી કર્યા વગર પાછલે બારણેથી વાલીઓને સમાધાન કરી લેવાં દબાણ થતું હતું. કાનૂની કાર્યવાહી સત્વરે કરવાની જગ્યાએ જિલ્લા શિક્ષણાધિકારીએ મેટાસ સ્કૂલ દ્વારા વાલીઓના લુંટ ચલાવેલા નાણાં પરત અપાવવાને બદલે, શાળા સામે દંડ ફટકારવાને બદલે તપાસ સમિતિ રચીને નોટંકી શરૂ કરી હતી.

હવે ગંભીર વિષય એ છે કે તપાસ સમિતિ દ્વારા સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં સમગ્ર તપાસનો ૧૮૦ પાનાનો રિપોર્ટ સાથે તપાસ સમીતીના સદસ્યોના શંકાસ્પદ અભિપ્રાય અહેવાલ પણ રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલના ૧૮૦ કરતાં વધું પાના સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ઉપસ્થિત નથી માત્ર ને માત્ર ૭ પાનાનો અહેવાલ છે એવું સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના માહિતી અધિકારી રાજ્ય નામદાર માહિતી કમિશનરને પણ લખી જણાવેલું છે આમ સમગ્ર તપાસ અહેવાલ છુપાવવા પાછળ, સરકારી દસ્તાવેજો ગૂમ થયા છે એ કબુલાત સુરત જિલ્લા ગંભીર ગુનાહિત ષડયંત્ર કરી રહ્યું છે એવું સુરત શહેર જીલ્લા વાલીમંડળનું સ્પષ્ટ કહેવું અને માનવું છે. આ બાબતે વાલીમંડળ પ્રમુખ ચિરાગ ઠક્કર દ્વારા જણાવેલ છે કે ગુજરાત રાજ્ય માહિતી આયોગ કમિશનર સામે જૂઠ લખવા અને બોલવામાં આવે છે.૧૮૦ કરતાં વધુ પાનાનો રિપોર્ટ છૂપાવવામાં આવ્યો છે.

શંકાની સોંય સામે છે એવાં અધિકારી એચ. એચ. રાજયગુરુ દ્વારા મેટાસ સ્કુલ , અઠવાલાઈન્સ, સુરત સામે તપાસ સમિતિની નિમણૂક કરીને જે તપાસ શરૂ કરાવી હતી એ તપાસ અધિકારીઓ દ્વારા તારીખ ૧૬/૦૬/૨૦૨૦ ના રોજ તપાસનો અહેવાલ અને ૧૮૦ પાન કરતાં વધુ પાના વાદી પ્રતિવાદીઓની રજૂઆતની ફાઈલ જમા કરાવવામાં આવી હતી. તપાસ સમિતિએ તપાસ સમીતીના અભિપ્રાય આપતા જણાવ્યું કે શાળા દ્વારા ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીમાં વાલીઓ પાસેથી ડોનેશન ના નામે જુદા જુદા લેબલ લગાવી જે કરોડોની રકમ વસૂલ કરી હતી તે રકમ શાળા દ્વારા વાલીઓને સરભર કરી દેવામાં આવી છે. આમ તપાસ સમિતિ તેમના અભિપ્રાય જણાવે છે કે ૨૦૧૭ થી ૨૦૨૦ સુધી શાળા દ્વારા વાલીઓ પાસેથી ડોનેશન ના નામે જુદા જુદા લેબલ લગાવી ગેરકાયદેસર નાણા ઉઘરાવ્યા હતા અને આ રૂપિયા દ્વારા વાલીઓને સરભર કરી આપવામાં આવ્યા છે તો પછી પ્રશ્ન એ થાય છે કે સુરત જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તપાસ સમિતિએ રીપોર્ટ આપ્યો કે શાળાએ વાલીઓ પાસેથી ગેરકાયદેસર નાણા ઉઘરાવ્યા હતા. તેમજ શાળાની કબૂલાત કર્યા મુજબ ૯ કરોડ કરતાં વધુ રૂપિયા શાળાએ વાલીઓને સરભર કરી આપ્યા છે ત્યારે ૯ કરોડ રૂપિયા સામે ૧૦ ગણો દંડ એટલે કે કમ સે કમ ૯૦ કરોડ કરતાં વધુ દંડ શાળા પાસેથી વસૂલવાનો થાય છે પરંતુ સુરત જિલ્લા શિક્ષણ અધિકારી આજદિન સુધી શાળા પાસેથી દંડ વસુલ કર્યો કે કરાવ્યો નથી.

સુરત જિલ્લા શિક્ષણ અધિકારી તરીકે દર મહિને લાખો રૂપિયાનો પગાર અને સગવડ લીધા પછી પણ સરકાર સાથે, વાલીઓ સાથે, સમાજ સાથે, કાયદા સાથે ગદ્દારી કરી છે અને સરકારને કરોડો રૂપિયાનો ચૂનો લગાવ્યો છે.

બીજી તરફ તપાસ સમિતિના સદસ્ય તરીકે સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ શિક્ષણ ખાતાના કાયદાના તજજ્ઞ એવા શિક્ષણ નિરીક્ષક અરૂણભાઇ અગ્રવાલ , શિક્ષણ નિરીક્ષક શ્રીમતી એમ. સી. પટેલ, આઈ.એન.ટેકરાવાળા શાળાના ભૂતપૂર્વ નિવૃત્ત આચાર્ય કિશોરભાઈ પટેલ, સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટર રેશમાબેન લાપસીવાલા અને પત્રકાર દિપકભાઈ પટેલ ની નિમણૂક કરવામાં આવી હતી. આ તપાસ સમિતિના અહેવાલમાં તેઓ લખી જણાવે છે કે ૨૦૧૭ પહેલા ખાનગી શાળાઓમાં સ્કૂલ પોતાનું માળખું નક્કી કરવા સ્વતંત્ર હતી. આ જૂઠ- હકીકત આ તપાસસમિતિના સભ્યોનો અભિપ્રાય તપાસ સમિતિના સદસ્યની અજ્ઞાનતા પુરવાર કરે છે અને એવું સાબિત કરે છે કે શું ગુજરાત રાજ્યમાં ૨૦૧૭ પહેલા શાળાઓની ફી નક્કી કરવા માટે કોઈ કાયદો જ નહોતો ?

જીલ્લા શિક્ષણ નિરીક્ષક અધિકારીઓ કેવું કેવું અસત્ય ઓકી , બકી, લખી શકે છે ?

તપાસ સમિતિના સદસ્યોના એમના તપાસ અહેવાલમાં જણાવ્યું છે કે બાળકોના મફત અને ફરિયાદ પ્રાથમિક શિક્ષણના અધિકાર અધિનિયમ ૨૦૦૯ તેમજ શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ કોઈ પણ શાળા બાળકના પ્રવેશ સમયે કેપિટિશન લઈ શકતી નથી અને જો આવી કેપિટેશન ફી શાળા વસૂલ કરે તો મફત અને ફરજીયાત શિક્ષણ નો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની કલમ૧૩(૨)(અ) અને નિયમ(૧૨) શાળા સામે કાર્યવાહી કરવાની જોગવાઈ છે. તપાસ સમિતિ સુરત જિલ્લા શિક્ષણાધિકારીને લખી જણાવેલ કે જો સાહેબશ્રીને એવું જણાય કે શાળા દ્વારા વસૂલ કરેલ નાણાં ડોનેશનનો કોઈ ભાગ હોય તો શાળા સામે કાનુન મુજબ કાર્યવાહી કરવાની થાય છે. તપાસ સમિતિએ નવ કરોડ જેટલી માતબર રકમ ગેરકાયદેસર વસુલ કર્યા સામે શાળાની માન્યતા રદ કરવા કે એનઓસી રદ કરવા ભલામણ કરતા નથી એવું પણ તપાસ સમિતીએ જણાવ્યું હતુ.

સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ એમને મળેલા તપાસ સમિતિના અહેવાલ બાદ તારિખ ૨૪/૦૬/૨૦૨૦ પત્રાનંબર:૬૦૦૨થી મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ એસોસિએશન સુરત ઓફ સેવન એડવેન્ટિસ્ટ ટ્રસ્ટ સામે કાનૂની કાર્યવાહી કેમ ન કરવી ? એનો ખુલાસો માગ્યો હતો. શાળાના ઈન્ચાર્જ આચાર્ય રવિકુમાર દ્વારા તારીખ ૭/૭/૨૦૨૦ના રોજ સુરત જિલ્લા શિક્ષણાધિકારીને જણાવેલ કે શાળા મંડળ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાવા અરજી કરી છે.

ગુજરાત હાઈકોર્ટ અદાલતમાં મેટાસ સ્કૂલ અને શિક્ષણ વિભાગ ગુજરાતના સંબંધિત કેસ બાબતે શાળા અને શાળામંડળની રજૂઆતમાં કોઈવજૂદ તથ્ય ના જણાતા તારીખ:૧૫/૦૬/૨૦૨૦ના રોજ સ્કૂલની વિનંતી ગ્રાહ્ય રાખી નહોતી.

આમ છેલ્લા ૨૦૧૭ થી આજ ના ૨૦૨૧વર્ષ સુધીમાં મેટાસ સ્કૂલ અને એના મેનેજમેન્ટ તેમજ એમના ઈન્ચાર્જ આચાર્ય રવિકુમાર પેટેટી દ્વારા વાલીઓ પાસેથી ગેરકાયદેસર વસુલ શરૂ કર્યા છે એ નાણાનો સરવાળો કરવા જઈએ તો આજની તારીખમાં ૧૦થી ૧૨ કરોડ રૂપિયા કરતાં વધુ થાય એમ છે જેની સામે સુરત જિલ્લા શિક્ષણાધિકારી એમની સત્તા દ્વારા શાળા પાસેથી સો કરોડ કરતાં વધુનો દંડ વસૂલ કરવાનો થાય છે.

જિલ્લા શિક્ષાધિકારી દ્વારા ખાનગી પ્રાથમિક શાળા હોય કે માધ્યમિક શાળા હોય આ શાળાઓનું દર વર્ષે વાર્ષિક નિરીક્ષણ કરવાનું, આ શાળા અને શાળા મંડળના મકાન,હિસાબ ચકાસવાનું , શાળામાં યોગ્ય લાયકાત ધરાવતાં શિક્ષક નોકરી કરે છે કે નહીં ? તેની તકેદારી રાખવાનું અને જો શાળા કોઈ નિયમભંગ કરે તો તાત્કાલિક ધોરણે શાળા સમયે કાનૂની કાર્યવાહી કરવાની સત્તા અને જવાબદારી અને ફરજ સુરત જિલ્લા શિક્ષણ અધિકારી પાસે જ છે. હવે અહીં પ્રશ્ન થાય છે કે સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી થી માંડ ૧૦૦-૧૫૦. મીટર ના અંતરે દૂર અંતરે આવેલી મેટાસ એડવાન્ટીસ્ટ સ્કૂલ અઠવાલાઈન્સ શાળામાં શાળા દ્વારા શિક્ષણના નામે વાલીઓ પાસેથી નવ દસ કરોડ જેટલી માતબર રકમ વસુલતી હોય અને વાલીઓ ભેગા મળી વારંવાર સુરત જિલ્લા શિક્ષણાધિકારીને, સુરત જિલ્લા કલેકટરશ્રીને , દક્ષિણ ઝોન ફી નિર્ધારિન સમિતિના સભ્યો સમક્ષ તેમજ પત્રકારોની હાજરીમાં કરોડો રૂપિયા વસૂલ કરેલા નાણાંના પુરાવા સાથે ફરિયાદ કરતાં હોય તેમ છતાં સતત ત્રણ વર્ષ સુધી કોઈ પણ કાર્યવાહી કરી નથી. અને આમ શાળાઓમાં ચાલતા શિક્ષણ નામે લૂંટ કરતાં ગુંડાઓને સુરત જિલ્લા શિક્ષણાધિકારી રાજયગુરુ જાતે છાવરી બચાવી રહ્યા હોય એવું પ્રતિપાદિત થાય છે. શિક્ષણાધિકારી કચેરીમા આવક નંબર ૩૨૦૧ તારીખ ૧૬/૦૬/૨૦૨૦ ના રોજ તપાસ અહેવાલના કુલ ૧૮૦ કરતાં વધુ અને દસ્તાવેજ સાથેનો તપાસ સમિતિનો અહેવાલ જમા કરાવવામાં આવ્યો છે એવું તપાસ સમિતિના સભ્યો દ્વારા જમા કરાવેલા પત્રથી સાબીત થાય છે

. હવે ચોંકાવનારી હકીકત એ છે કે આ સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી રાજયગુરુ પોતાને બહુ સંનિષ્ઠ, પ્રમાનિક, કાર્યદક્ષ, ઈમાનદાર, સજ્જન તરીકેની છબી સમાજ સમક્ષ રજૂ કરી રહ્યા છે પરંતુ એમની જ મિલીભગતથી તેમની કચેરીના માહિતી અધિકારીએ રાજય માહિતી આયોગ કમિશનર ને જણાવ્યું છે કે આ તપાસ સમિતિનો અહેવાલ માત્ર ૬ થી ૮ પાનાંનો છે આમ સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સુરત જિલ્લા શિક્ષણાધિકારી તેમની કચેરીના માહિતી અધિકારી અને કચેરીના નિરીક્ષકોની નિયત અને દાનત, કરની, કથની ઉપર અનેક સવાલો ઊભા થાય છે.

સુરત જિલ્લા શિક્ષણઅધિકારી દ્વારા મેટાસ સ્કૂલને માર્ચ મહિનો ૨૦૧૯માં પણ એક નોટિસ આપી હતી આ નોટિસ બાબતે ૨૦૧૯ પછી સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ શું કાર્યવાહી કરી કરાવી ? તેની ખાતાકીય તપાસ થાય તો, સાહેબની મલમિલકતની તપાસ થાય તો મોટી લેતી-દેતી નો વ્યવહાર કાળા કરનામાઓનો વ્યવહાર જાહેર થાય છે એમ છે.

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા તારીખ:૨/૧૨/ ૨૦૧૪ના ઠરાવ દ્વારા જાહેર કરેલ છે કે જો કોઈ શાળા આરટીઈ એડમિશન આપવાનો ઇનકાર કરે તો૧૦૦૦૦, જો કોઈ બાળકને પ્રવેશ ન આપે તો ૧૦૦૦૦, લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપે તો ૧૦૦૦૦ ,કોઈ વિદ્યાર્થીને શાળામાંથી નાપાસ કરે કે કાઢી મૂકે તો ૧૦૦૦૦, બાળકને શારીરિક શિક્ષા કરે તો ૧૦૦૦૦ ,જો કોઈ વિદ્યાર્થી અને ગણવેશ પહેરવાના બાબતે તેમજ શાળા પોતે નક્કી કરેલા વાહનમાં આવન-જાવન કરવા માટે, હોસ્ટેલમાં રહેવા માટે ચોક્કસ દુકાનેથી ગણવેશ નાસ્તો કે પુસ્તકો સ્ટેશનરી ખરીદવા માટે દબાણ કરે તો ૧૦૦૦૦, શાળા સરકારી સૂચનાનું પાલન ન કરે તો ૧૦૦૦૦, શાળા લાયકાત વગરના કથિત માનસિક, શૈક્ષણિક બળાત્કારીઓ એવા કથિત શિક્ષકો દ્વારા શિક્ષણ કાર્ય કરે કરાવે તો ૧૦૦૦૦, શાળા જો પોતાની શાળામાં ખાનગી ટ્યુશન રાખવા માટે શાળાના વિદ્યાર્થીઓ પર દબાણ કરે તો ૧૦૦૦૦, અને શાળાના સરકારના નિયમનું પાલન ન કરે તો ૨૫ હજારનો દંડ કરવાની જોગવાઈ ગુજરાત સરકારે જાહેર કરી છે. પ્રત્યેક ગુનાના પુનરાવર્તન દીઠ , ગુના દીઠ ૨૫૦૦૦રૂપિયાનો દંડ ફટકારવાની સત્તા જીલ્લા શિક્ષણ અધિકારી સુરત પાસે છે .પરંતુ સુરત શહેરમાં ચાલતી ચર્ચા મુજબ ખુલ્લેઆમ શિક્ષણનો વેપલો થઈ રહ્યો છે અને પાછલે બારણેથી મલાઈ હજમ કરી શિક્ષણનું ધનોતપનોત કાઢવામાં આવી રહ્યું છે. આજે લાયકાત વગરના હજારો માણસો નોકરી કરી રહ્યા છે.લાયકાતવાળા શિક્ષકો રસ્તે રખડી રહ્યા છે. આમાંય શાળાઓમાં ઠેરઠેર શિક્ષણના નામે ભ્રષ્ટાચાર ચાલે છે. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ,શિક્ષણ સચિવ, શિક્ષણમંત્રીશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર, નામદાર અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સુરત શહેર જિલ્લા શિક્ષણ અધિકારી એચ. એચ. રાજયગુરૂ સામે સુઓમોટો ફરિયાદ દાખલ કરી શિક્ષણમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર શોષણ ને અટકાવવા એક નોંધનીય પહેલ કરે એ જરૂરી છે.

મેટાસ સ્કુલ એક માત્ર સ્કુલ સામે કાનુન મુજબ કાર્યવાહી કરવામાં આવે તો ગુજરાત સરકારને ૧૦૦ કરોડનો લાભ થાય અને શિક્ષણ નામે ચાલતી લૂટ સામે દાખલો બેસે એમ છે જ.

સુરત શહેરમાં વાલીઓ દ્વારા પોતાના બાળકના શિક્ષણ અને પોતાની સલામતી જોખમમાં મૂકીને નવેમ્બર ૨૦૧૯ માં સુરત જિલ્લા શિક્ષણ અધિકારી સુરત, જિલ્લા કલેકટરશ્રી, શિક્ષણનામે લૂંટ સંબંધી રસિદ પુરાવા સાથે ફરિયાદ કરી હતી. આ સમગ્ર ફરિયાદ બાદ સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ તાત્કાલિક ફરિયાદના તથ્યો તપાસીને શાળા સામે કાનૂની કાર્યવાહી કરવાની થતી હતી પરંતુ ઢીલ કરીને, નોટિસની બજવણી કરીને, તપાસ સમિતિની નૌટંકી કરીને પાછલે બારણે ભ્રષ્ટાચારને વેગ આપીને અને પોષણ આપીને સુરત જિલ્લા શિક્ષણ અધિકારી રાજગુરુ શહેરમાં કેવું શાસન કરી રહ્યા છે ? આ તો માત્ર એક નમૂનો માત્ર છે. જેમાં શાળામંડળને ૧૦૦ કરોડ કરતાં વધુ રૂપિયાનો દંડ થાય એમ છે અને સરકારી તિજોરીને સો કરોડ કરતાં વધુ રૂપિયાનો લાભ થાય છે પરંતુ પરંતુ એક અને એક માત્ર પોતાને રાજા સમજતા એવા જિલ્લા શિક્ષણ અધિકારી રાજયગુરુ દ્વારા ગુજરાત સરકારને ધોળે દહાડે ૧૦૦ કરોડનો ચૂનો ચોપડી રહ્યા છે એ હકિકત છે અને આવાં અધિકારીઓને સુરત અને ગુજરાત સરકાર પાલવી વેઠી રહી છે એવું કહેવું અતિશયોક્તિ નથી .

જીલ્લા શિક્ષણ અધિકારી રાજયગુરુની દુષ્નીતિને કારણે મેટાસ દ્વારા નામદાર ગુજરાત અદાલતમાં કેસ કરવામાં આવેલા કેસ સંબંધી ગુજરાત સરકારને મસમોટો ખર્ચ પણ થયો હશે આમ રાજયગુરુને કારણે ગુજરાત સરકારને પણ વારંવાર અદાલતનાં કઠેડામાં ઉપસ્થિત થવું પડ્યું હશે.

તાજેતરમાં કોરોના મહામારીમાં સુરત શહેરના વાલીઓ જયારે ખૂબ જ મોટી આર્થિક મુસીબતમાં હોય તેવા સમયે સુરત જિલ્લા શિક્ષણાધિકારી કુંભકર્ણની નિંદ્રામાં હોય, વાલીઓ હેરાન થતાં હોય,વાલીઓ લૂંટાતા હોય, શિક્ષકો આપઘાત કરતાં હોય, ત્યારે શિક્ષણમાં ચાલતાં ભ્રષ્ટાચાર સામે અને સરકારને ચૂનો ચોપડતા અધિકારીઓ સામે સરકારે સખત પગલાં લેવા જોઈએ એવી માંગ છે.

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા મેટાસ સ્કુલ પાસેથી કાનુનન દંડ વસૂલ કરે છે કે પછી ?

ગુજરાત રાજ્ય માહિતી આયોગ કમિશનર સમક્ષ જૂઠ લખી બોલનાર સામે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે કે પછી ?

મેટાસના વાલીઓને ન્યાય મળે છે કે પછી ?

# આતંક સામે આસ્થાના વિજયનું પ્રતીક સોમનાથ મંદિર : મોદી

સોમનાથ, ૨૦

કેન્દ્ર અને રાજય સરકારના સહયોગથી સોમનાથ મંદિર ખાતે ૫૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલાં ત્રણ વિકાસકામનું આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કર્યું છે, જેમાં સમુદ્ર દર્શન વોક-વે, સોમનાથ એક્ઝિબિશન કેન્દ્ર અને જૂના સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધારનું લોકાર્પણ કરવામાં આવશે, સાથે જ પાર્વતી માતાના મંદિરની શિલાન્યાસ વિધિ કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે ગુજરાત માટે વડાપ્રધાને જે ઉચ્ચ લક્ષ્ય રાખ્યાં છે એને પૂર્ણ કરવા આપણે બધા કટિબદ્ધ છીએ. ૨૦૧૦થી નરેન્દ્ર મોદીની નિયુક્તિ બાદ તેમણે સોમનાથના વિકાસને નવી દિશા અને દૃષ્ટિ આપી છે. ડિજિટલ દર્શનમાં પણ સોમનાથ આગળ છે. સોમનાથના વિકાસમાં ગુજરાત સદાય સહયોગ કરશે. પર્યટનથી આધુનિકતાના સંગમથી શું ફાયદો થાય છે એને ગુજરાતએ નજીકથી નિહાળી અનુભવ્યું છે. હવે સોમનાથમાં મહાદેવનાં દર્શન સાથે આજનાં ત્રણ વિકાસકામો થકી સમુદ્ર દર્શન પથ (વોક-વે) અને સોમનાથના ભવ્ય ભૂતકાળની અનુભૂતિ કરી શકશે. સોમનાથ મ્યુઝિયમ થકી આવનારી પેઢીને ઈતિહાસથી અવગત કરાવાશે.સોમનાથ પ્રદર્શન ગેલરી, જૂનું સોમનાથ મંદિર અને વોક-વેનું લોકાર્પણ અને પાર્વતી મંદિરનું શિલાન્યાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે. આ તકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સમુદ્ર દર્શન વોક-વે, અહિલ્યાબાઈ જૂનું સોમનાથ મંદિર, સોમનાથ પ્રદર્શન ગેલરીને કારણે જૂના સોમનાથના આકર્ષક સ્વરૂપનાં દર્શન કરી શકાશે, નવા અવસર અને નવા રોજગાર વધશે તથા સ્થાનની દિવ્યતા વધશે. ચારેય દિશામાં આવેલાં ૧૨ જયોતિર્લિંગ, ચારધામ, શક્તિપીઠો આ તમામ આસ્થાની જે રૂપરેખા છે એ એક શ્રેષ્ઠ ભારતની અભિવ્યક્તિ છે. આતંકવાદી વિચારધારા ભલે કેટલાક સમય માટે હાવી થઈ જાય, પરંતુ એનું અસ્તિત્વ સ્થાયી નથી હોતું. ગુજરાતમાં પ્રસાદ સ્કીમ હેઠળ ૧૦૦ કરોડના ત્રણ પ્રોજેક્ટ હાલ ચાલી રહ્યા છે. સોમનાથ ટૂરિસ્ટ સ્પોટને અન્ય શહેરો સાથે કનેક્ટિવિટી પર પણ ધ્યાન અપાઈ રહ્યું છે. સોમનાથ મંદિર ખાતે સંસ્કૃત યુનિવર્સિટીના વિદ્વાનો દ્વારા શ્લોકાચાર સાથે લોકાર્પણ અને શિલાન્યાસ કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જય સોમનાથ સાથે લોકાર્પણ કાર્યક્રમની શરૂઆત કરી હતી અને પૂર્વ નાયબ વડાપ્રધાન અડવાણીને યાદ કર્યા હતા. મોદીએ જણાવ્યું હતું કે હું ભલે વીડિયો-કોન્ફરન્સથી જોડાયો હોવ, પરંતુ મનથી સ્વયં ભગવાન સોમનાથનાં ચરણોમાં હોવાનો અનુભવ કરું છું. મારું સૌભાગ્ય છે કે આ પુણ્ય સ્થાનની સેવા કરવાનો અવસર મળ્યો છે. લોહપુરુષ સરદાર પટેલનાં ચરણોમાં નમન કરતાં હું કહું છું કે ભારતના પ્રાચીન ગૌરવને પુનર્જિવિત કરવાની ઇચ્છાશક્તિ દર્શાવી હતી. સરદારે સોમનાથ મંદિરને સ્વતંત્ર ભારતની સ્વતંત્ર ભાવના સાથે જોડી હતી. શિવ જ વિનાશમાં વિકાસની સંભાવનાઓ આપે છે અને સમય મુજબ આવતી પરિસ્થિતિને લડવાની હિંમત પણ શિવ જ આપે છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ત્રણ. રચનાઓ

વિષય :." શિવ મહિમા..શ્રાવણ સોમવાર મહત્વ વિષયક રચનાઓ.(૨૧-૮-૨૦૨૧) દિવસ - ૫ ( પાંચમો દીવસ)

Jan fariyad & News of Gandhinagar daily

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)

પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા

website : www.janfariyadnews.com

What's up calling No : 9824653073

Email : prdpraval42@gmail.com

Email : prdpraval@yahoo.co.uk

YouTube : janfariyadnews

News portal : janfariyadnews

Twitter : @prdpraval

NOG SS No - 0050

વિષય - શ્રાવણનો મહિમા

વિભાગ - ગદ્ય લેખ

શીર્ષક - વીંટળાયેલો નાગનું ઔચિત્ય ( ઉચિત પણું)

ભોલેનાથના નંદીજી ,કુર્મરાજ, ગંગા,ભસ્મ,જટા પ્રતીકો છે. પણ છત્ર નાગરાજ શિરમોર છે. પશુપતિનાથ કહેવાયા. ગળામાં નાગ મુક્તપણે ફરે છે. સૂચવે છે પ્રભુ સંહારક છે. એમનાં શરણે આવેલાનું અનિષ્ટ નથી થતું. સમુદ્રમંથન વખતે હળાહળ ઝેર નીકળેલું, સૃષ્ટિને બચાવવા પાન કરેલું. તેની યાદ અપાવે છે. શેષનાગ શિવજી પાસેથી જવાથી સંસારનાં વિષ કે વિકારોનું સમન થાય છે. જગતનાં પાલનહાર વિષ્ણુ ભગવાન શેષનાગની છત્ર છાયામાં યોગનિદ્રા કરે છે. શિવજીએ કંઠે ધારણ કર્યો. રામાવતારમાં ભગવાન વિષ્ણુએ લક્ષ્મણ નો અને શ્રીકૃષ્ણએ બલરામનો અવતાર લીધાં છે. શિવજીનાં સપે તમામ ઈચ્છાઓ અને ઉત્કટ લાગણી નું પ્રતિક છે. પ્રભુ કહે છે પ્રકૃતિ અને માયા, કપટને વશમાં કર્યા છે પ્રભુનાં મસ્તકે ત્રણ ચકરાવા માર્યા છે?. ત્રણ વળાંક ભૂત, વર્તમાન અને ભવિષ્ય નું સમયચક્ર બતાવે. ભોલેનાથનો શેષનાગ સર્જન, સમયનાં ચક્ર પરની સર્વોપરિતા સિદ્ધ કરે . શેષનાગ વૈયક્તિક આત્મ જીવ છે. જે પ્રભુનાં ગળામાં છે નાગ ના પાંચ ફેણ એ આપણી પાંચ ઇન્દ્રિયો, પંચતત્વો પૃથ્વી, જળ ,અગ્નિ, હવા અને વાયુ. નાગ શરીરના ફુંફાડા મારતાં પાંચ પ્રાણનું પ્રતિનિધિત્વ કરે. શ્વાસોશ્વાસએ સાંપના ફૂંફાડા જેવાં આપણાં શરીરમાં ચાલે છે. ભગવાન શિવે પાંચ તન- મંત્ર ,જ્ઞાનેન્દ્રિય ,પાંચ કર્મેન્દ્રિય જૂથોનું પ્રતિનિધિત્વ કરે છે. લૌકિક વસ્તુઓ જોડે તત્વની અનુભૂતિ કરે અલૌકિક શિવલોકમાં જગ્યા મળે છે શિવ જે સપે પહેરે એ દેવતા સપે વાસુકી છે . સિદ્ધ કરે છે દુષ્ટમાં પણ એકવાર શરણાગતિ સ્વીકારીલે તો ભોળચો ઉગારી લેશે. આખી પૃથ્વીનો બોજો શેષનાગે ઉપાડ્યો છે. આદિ શેષનાગને કાન ન હોવા છતાં વેદ અને શ્રુતિ જાણે છે. ભગવાનના સેવક છે માટે પ્રભુની સાથે છે. શિવ ભક્તો એ સમજવું જોઈએ સપેમાં ઝેર હોય છે. તે માનવીનાં અહંકારમાં પણ ઝેર હોય છે. તેને ગળવું ના જોઈએ .એમ કરવાથી માનવ પણ આદી શેષનાગની જેમ વેદોને શ્રુતિનું જ્ઞાન આવી શકે છે.

શિવ આદર્શ યોગીહોવાથી સપે સાથે રમે છે?.સપે સમસ્યા, મુશ્કેલી, ટેન્શન બતાવે. માનવીએ શાંતને સ્વસ્થ કેવી રીતે રહેવું એ શંકર ભગવાને પણ આપણને બતાવ્યું છે. પ્રભુ તપ કરે છે. ચેતવણી આપે છે. ખલે ના કરશો નહીં તો ત્રીજું ખોલશે. માટે ઔચિતય છે? પ્રભુનાં ગળામાં વીંટળાયેલા નાગનું.

ભોળો તો ભોળો છે. ભજી લોને શ્રાવણમાં શ્રદ્ધાપૂર્વક શિવભક્તિ ભવેત નમઃ શિવજીનાં વધામણાં કરીએ. જેને મહાદેવના નામની ધૂન લાગી એની સાથે ચાલતો રહ્યો હું સદાય. શિવ શિવ રટતા જન્મ જાય તો દરેક પાપોથી મૂક્તિ મળે.

રાગીની શુક્લ "રાગ",મુંબઈ, કાંદિવલી

NOG SS NO :- 0038

વિષય :- શ્રાવણનો મહિમા ,

શિવજીનો મહિમા

વિભાગ :-પદ્ય

શીર્ષક :-શિવજી નો મહિમા

શિવજી તારો મહિમા ન્યારો રે,
કહેવાય તું ભભૂતિ વાળો રે.
તારે ગળે નાગ સોહામણો રે,
તું કૈલાસમાં વસનારો રે.
ભોળા ભાવે તું ભક્તોને મળનારો રે,
તારી કૃપાથી ભક્ત હરખાતો રે.
શ્રાવણ માસે મહિમા તારો ગવાતો રે,
શિવ શિવ કહી ભક્ત ઘેલો થાતો રે.
વસતો પર્વતેં ને કૃપા વરસાવતો રે,
શ્રાવણ માસે તું ગગને શોભતો રે.

શીલાપટેલ "આકાંક્ષા"

---

NOG SS No..73

શિવજીનો અભિષેક.

વિભાગ..ગદ્ય..

માઇક્રોફિક્શન.

શિવજીનો અભિષેક..

સાવ નાનકડી માંડ પાંચ વર્ષની રિયાને માએ શીવજીના અભિષેકની વાર્તા કરી શિવજીને પાણી ચડાવવાથી એના મંદિરે જવાથી મોટા થયા પછી સારો પતિ મળે,રિયા સમજણી થઈ ત્યારથી ઘરમાં રોજ ઝઘડા કંકાસ ને એના પપ્પા નું દારૂપી આવવું ખરાબ રીતે માને મારવું બધું જોઈ, માને પ્રશ્ન કર્યો મા!!તે શિવજીને પાણી નોતું ચડાવ્યું,

નયના પટેલ..નૈન.

# પાટનગર ગાંધીનગરમાં ટ્રક ચાલકના ગળામાં પહેરેલ સોનાનો દોરો લુંટી ૩ ઈસ્મો ભાગી ગયા

ગાંધીનગર,૨૦

અમદાવાદના વસ્ત્રાલ જીવન આર્ય ફ્લેટમાં રહેતા રોહિતભાઈ પોપટલાલ પટેલ ચાર ટ્રક ધરાવે છે. જે મારફતે તેઓ ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. આ ટ્રકનાં સંચાલન માટે તેમણે ડ્રાઈવર પણ રાખ્યો છે પણ ડ્રાઈવર રજા પર જાય ત્યારે રોહિતભાઈ જાતે જ માલની ડીલીવરી કરવા જતા હોય છે. ગાંધીનગરના રણાસણ રેલવે ક્રોસિંગ નજીક ટ્રકના ચાલકને આંતરી રિક્ષામાં આવેલા ત્રણ લૂંટારૂઓ ઝપાઝપી કરી રૂ. ૮૮ હજારની કિંમતનો સવા બે તોલા વજનનો સોનાનો દોરો લૂંટીને પલાયન થઈ જતાં ડભોડા પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે ગત. તા. ૨૦મી જુલાઈના રોજ ડ્રાઈવર છત્રાલથી ટાઈલ્સ ભરીને કોબા સર્કલ આવ્યો હતો, પરંતુ ઈદનો તહેવાર હોવાથી ડ્રાઈવર સિકંદર રજા લઈને ઘરે જતો રહ્યો હતો આથી રોહિતભાઈ કોબાથી ટ્રક લઈને અંકલેશ્વર જવા માટે નીકળ્યા હતા. ત્યારે રાત્રીના સમયે નાના ચિલોડા સર્કલથી રણાસણ રોડ ઉપર એક ફ્રાય સેન્ટર ઉપર જમવા માટે ઉભા રહ્યા હતા. તે વખતે તેમની નજીકના ટેબલ પર ત્રણ ઈસમો પણ બેઠા હતા. જમ્યા પછી રોહિતભાઈ ટ્રક લઈને અંકલેશ્વર માટે રવાના થયા હતા. ત્યારે ત્રણેય ઈસમોએ રીક્ષા તેમની ટ્રક આગળ ચલાવવા માંડી હતી. જેથી રોહિતભાઈએ રણાસણ રેલવે ક્રોસિંગ નજીક ડાઈવર ભરતી અને ઓટ એક કરવાની કોશિશ કરતા ઈશ્વર મુવી રિક્ષા ટ્રકની આગળ ઊભી રાખી દીધી હતી. બાદમાં રીક્ષામાંથી બે ઈસમો એકદમ તેમની નજીક આવીને ગાળાગાળી કરવા લાગ્યા હતા. આ દરમિયાન એક ઈસમે રિક્ષાને ટ્રકની પાછળ ઉભી રાખી દીધી હતી અને બે ઈસમોએ ટ્રકની ડ્રાઈવર સીટના પગથિયા ચઢીને રોહિતભાઈ સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી. જેનાં કારણે રોહિત ભાઈના ચશ્મા પડી જતાં તેઓ ચશ્મા લેવા નીચે નમ્યા એ દરમિયાન બન્ને ઈસમોએ તેમના ગળામાંથી સવા બે તોલા વજનનો સોનાનો દોરો લુંટી રિક્ષામાં નાસી ગયા હતા. ત્યારે અંકલેશ્વર માલની ડીલીવરી કરવાની હોવાથી તેમજ અન્ય જગ્યાએ પણ માલની હેરફેર કરવાની હોવાથી રોહિતભાઈએ તે વખતે ફરિયાદ કરવાનું માંડી વાળ્યું હતું અને ગઈકાલે ડભોડા પોલીસ મથકમાં ત્રણ લૂંટારૃઓ વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો.

# રંગીલા રાજકાટવાસીઓ માટે હવે નવું પીકનીક પોઈન્ટ ઈશ્વરિયાપાર્ક ટુંક જ સમયમાં તૈયાર કરાશે

રાજકોટ ,૨૦

રાજકોટ શહેરીજનોની સાથે બહારથી આવતા પ્રવાસીઓ માટે પણ આકર્ષકનું કેન્દ્ર ઈશ્વરિયાપાર્ક પીકનીક પોઈન્ટને વધુ આકર્ષક બનાવવાની નેમ કલેકટર અરૂણ મહેશ બાબુએ લીધી છે. પાર્કના ડેવલપમેન્ટ માટેની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરવા માટેના ભાવી યોજનામાં બે એજન્સીઓ આવી છે. ચાલુ મહિનાના અંત સુધીમાં જ તેમાથી એક એજન્સીને ફાઈનલ કરીને તેને કામ આપવાની તૈયારી છે તેમ પ્રાંત અધિકારી સિધ્ધાર્થ ગઢવીએ મીડિયાને જણાવ્યું હતુ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઈશ્વરિયાપાર્કના નયનરમ્ય પીકનીક પોઈન્ટના વધુ વિકાસ માટે કલેકટર તંત્ર દ્વારા લાંબા ગાળાના ભવિષ્યનું અનેક પ્રકારનું આયોજન છે. હજુ તાજેતરમાં જ અહીં વન મહોત્સવ ઉજવાયો હતો. ૧૦૦૦થી વધુ નવા પ્લાન્ટેશન થયા છે. ઈશ્વરિયાપાર્કમાં એમ્બ્યુઝમેન્ટ પાર્ક બનાવવા સહિતના અનેક આકર્ષણો ભવિષ્યમાં આવવાના છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સહેલાણીઓને મનોરંજન માટે વધુ ક્યા પ્રયાસો કરી શકાય? એ દિશામાં મહત્વકાંક્ષી આયોજનો થઇ રહ્યા છે. અને તેના માટે કલેકટર તંત્રે મગાવેલી ઓફરમાં બે એજન્સીઓ આવી છે. ચાલુ મહિનાના અંતમાં જ તેમાથી એક એજન્સી ફાઇનલ કરી દેવામા આવશે. આ એજન્સી પ્રેઝન્ટેશન સહીત વિકાસની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરશે અને એ મુજબ કલેકટર તંત્ર હસ્તક જ ઈશ્વરિયા પાર્ક ડેવલપમેન્ટના કામ કરવામા આવશે. કોરોના કાળમાં ઈશ્વરિયાપાર્ક લાંબો સમય સુધી બંધ રહ્યુ. હાલ પણ સહેલાણીઓની સંખ્યા જોઇએ તેટલી નથી હોતી ત્યારે આટલા મોટા પાર્કનો મેઈન્ટેનન્સ કઇ રીતે પરવડો તો હશે? તેવા એક સવાલના જવાબમાં પ્રાંત અધિકારી કહ્યુ હતુ કે, કલેકટરના અધ્યક્ષ સ્થાને બનેલી લોક મેળા સમિતિની આવકના ફંડમાંથી લોક ઉપયોગી વિકાસ કામ કરવામા આવે છે. સમિતિ પાસે હાલ ૧૦ કરોડથી વધુ ફંડ છે. ઈશ્વરિયાપાર્કના મેઈન્ટેનન્સનો માસિક ખર્ચ ચાર લાખથી સાડા ચાર લાખ જેટલો આવે છે. લોક મેળા સમિતિના ૧૦ કરોડના ફંડના વ્યાજની ગણતરી કરવામા આવે તો પણ ઈશ્વરિયાપાર્કના મેઈન્ટેનન્સ માટે કાફી છે. ઈશ્વરિયાપાર્ક ડેવલપમેન્ટની જવાબદારી પ્રવાસન નિગમને સોંપી શકાય તેમ છે? પ્રત્યુતર આપતા પ્રાંત અધિકારીએ કહ્યુ હતુ કે, ખંભાલીડા અને ઓસમ ડુંગરને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાની જવાબદારી પ્રવાસન નિગમે રાજકોટ કલેકટરને સોંપેલી છે. ઈશ્વરિયાપાર્ક ડેવલપમેન્ટ માટે પણ જરૂર પડશે તો પ્રવાસન નિગમનું માર્ગદર્શન લેવામા આવશે. પ્રવાસન નિગમ પાસેથી કોઇ ફંડ મેળવવા ઈશ્વરિયાપાર્ક ડેવલપમેન્ટ પ્રોજેક્ટ બંધ બેસે છે કે કેમ? તેનો અભ્યાસ પણ કરાશે.

# ૧૫ મી ઓગષ્ટ નિમિત્તે ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા ગ્રુપ ની રચનાઓ.....

NOG SS 0092

પ્રકારઃ-પદ્ય

શીર્ષકઃ- સ્વતંત્રતા દિવસની ૭૫મી વર્ષગાંઠ

"પ્રસન્નતા છે ચારે તરફ,
ઠેર-ઠેર રાષ્ટ્રગીત સંભળાય છે.
જુઓ આજે મારી ભારત માતા કેવી ગર્વથી પોરસાય છે!
વિપદાઓ આવે ને જાય,
એનો વીરતાથી સામનો કરાય છે.
જુઓ આજે મારી ભારત માતા કેવી ગર્વથી પોરસાય છે!
જેણે મા સામે આંખ ઊંચી કરી,
એ દુશ્મન દેશોને ધૂળ ચટાડાય છે.
જુઓ મારી ભારતમાતા આજે કેવી ગર્વથી પોરસાય છે!
ઓલિમ્પિકમાં નીરજ જેવા સપૂતો અને સપુત્રીઓથી દેશની શાન વધતી જાય છે.
જુઓ મારી ભારતમાતા આજે કેવી ગર્વથી પોરસાય છે!
વિકાસ થઈ રહ્યો છે હર ક્ષેત્રે,
દેશવાસીઓનું જીવન સુગમ થતું જાય છે.
જુઓ મારી ભારતમાતા આજે કેવી ગર્વથી પોરસાય છે!
ભાતીગળ સંસ્કૃતિઓ,ભાષાઓ અને પ્રદેશોથી મા કેવી સોહાય છે.
જુઓ મારી ભારતમાતા આજે કેવી ગર્વથી પોરસાય છે!
રાષ્ટ્રગાન, રાષ્ટ્રગીત અને ઝંડાગીતથી, મા ભોમની સ્તુતિ આજે કરાય છે.
જુઓ મારી ભારતમાતા આજે કેવી ગર્વથી પોરસાય છે!

અલકા મહેતા,ગાંધીનગર

---

સરહદ પર જાય એ વીરલા,
એમની બહાદુરીએ આપણે સાચબા,
શહીદ થાય કે જીતે જંગ
દેશદાઝ એમની રગેરગ.
જેણે માણી ન જિંદગી,ન સંસાર
દેશ એમની માતા,તાત કે ભ્રાત
ચોટી બરફની જ્યાં થીજે ગાત્ર
ગરમી રણ તણી પીગળે તન,મન.
ન કેવળ સરહદ તણું કરે રખોપું
દેશની હર વ્યથા મન અકળાવે એમનું
ન સવાર ન સાંજ હર પળ દેશ કાજ
જાણે કરે અદા કોઈ ?ઋણ અવિરત.
સરહદે જવું એ તો છે જ દેશસેવા
દેશ મહીં ?રહી? કરીએ સૌ ફરજ અદા
ન કરચોરી,ન રુશ્વત,ન પરદેશી માલ
આ પણ છે ન્યારી? , દેશસેવા ઉચ્ચતમ.
એ જ અમીચંદ ,એ જ ઘોરી
થઈ લૂંટે દેશ જાણે હોય વેરી
મન પૂછે આજ આશ ભરી
શું દેશ થશે આઝાદ આ ભોરીગથી?
વાગે આજ ભારતનો ડંકો ઠેરઠેર
વિદ્યા, વાણિજ્ય,રમત કે ઓલિમ્પિક
સિદ્ધિઓ શોભે રજત,કાંસ્ય, સુવર્ણથી
અમૃત મહોત્સવે આઝાદી ઝળહળી.

માયા દેસાઈ . મુંબઈ ભારત.

---

NOG SS No/0044

પ્રકારઃ-પદ્ય

શીર્ષકઃ- શહીદોની યાદમાં

સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા.

સ્વાતંત્ર્ય દિને
યાદ કરીએ
વીર એ શહીદોને!
નમન કરું
દેશભક્તોને.
ભૂલાય ગયાં
વીર શહીદો-
પરિવાર સહિત
કરે નેતાઓ
તાગડ ધિન્ના!
લોક સેવકો
કરવી નહીં
સેવા,ભરે ગજવાં!
લૂંટે પ્રજાને,
દંભી નેતાઓ!
સ્વતંત્ર દિને
પ્રતિમાઓને
પહેરાવશે હાર!
ગુણલાં ગાશે
ભ્રષ્ટાચારીઓ!
ચંદ્ર શેખર
ભગતસિંહ
શહીદ થઈ ગયાં
લાભ સઘળાં
મળે નેતાને.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

Nog ss No : 0091

પ્રકારઃ પદ્ય

શીર્ષકઃ ભારત માતાની વેદના

વિચાર કરતાં કરતાં એક વિચાર આવે છે.
દેશની આ જનતા ઉપર માન આવે છે.
વર્ષ આખું દેશભક્તિનાં દાવા કરાય છે.
સ્વતંત્રતાના બે દિવસે સન્માન કરાય છે.
દેશભક્તિનાં નામ પર બહુમાન જતાવે છે.
જય હિન્દ ને જય ભારતનાં નારા ગુંજવે છે.
દેશપ્રેમ ને દેશભક્તિ મહેમાન બનીને આવે છે.મોબાઇલના રંગીન પડદે પણ ધૂમ મચાવે છે.
વિરલાની શહીદીની યાદ અપાવે છે.
સ્મારક બનાવી તેનું સન્માન કરાવે છે.
વખત આવે પાનની પિચકારીથી તેને નવાઝે છે. નથી આવતી શરમ એને આબરૂ ડુબાડે છે.
ભારતીયતાનાં ગૌરવને મૂળમાંથી ફેંકે છે.
અંગ્રેજોના અનુકરણને માન આપે છે.
રાષ્ટ્રગીત ને રાષ્ટ્રગાન બોલવામાં પણ શરમ આવે છે.
હું ભારતીય ગુજરાતણ લોહી મારું ઉકળે છે.ભારતનું આ અપમાન કેટલું અસહ્ય છે.
જાગો ભારતવાસી મા તમને પુકારે છે.
દેશનું આ જાળવો ગૌરવ તમને વિનવે છે.

જિજ્ઞાસા યુ જોષી,"શુક"

---

હું આઝાદ ભારત,
સ્વપ્ન મારું રામ રાજ્ય
પૂર્ણ કરવા આવ્યા મોહન
બાપૂ કહી સૌએ સંબોધ્યા !
સો વર્ષની ગુલામીમાંથી
હું આઝાદ થયું જેમ
પંકજમાંથી અલિ તેજ પામ્યાં !
તેજ પૂંજે કેશરિયા કર્યા
સર્વે નવ લોહિયા ઉત્કૃષ્ટ
અરે! પ્રશ્ન તો અનેક ઊઠ્યાં!
જોતા રહ્યાં બાપૂ તો તે જ
ન માંગ્યા રામ ભાગલા મેં
ત્યાં રમી ગયાં રમત અભાગિયાં!
બિચારું ન બની જાય ભારત
જોવા ન રહ્યાં બાપૂ થયાં ત્યાંજ
હિન્દુનાં હાથે શહિદ હે રામબોલ્યા!
નેહરૂએ કર્યું ભારત પર રાજ્ય
બેઠાં મામા ફોઈનાં સગા ગાદીએ
સ્વપ્ન ભારતનું સૂતાને સોંપી ગયાં!
નારીત્વનું પ્રતીક બની તેણી
ભારતને કર્યું રાજકારણીય લાલચું
લઢી મર્યા માંહે માંહે જાતપાતે સર્યા!
ગયા પાણી મહી વર્ષો ,ભૂસાયું નામ,
મારું કોઈ પણ સ્થાન ન રહ્યું વિશ્વમાંય,
જોતું રહ્યું હું વિશ્વનાં નકશામાં સમાસ ક્યાં!
ત્યાં ભાલે ઊગ્યો સૂરજ એક ને
જોતાં રહ્યાં લોકો દેશ વિદેશમાંય
ન.મો એ ત્રિરંગાને લહેરાવ્યો!
આજ ગર્વથી હું મોખરે જગમાં
જ્યાં ને ત્યાં બધાં ધ્વજોમાં હું સંગીસથવારે,
વિશ્વનાં મેદાનો પર ગવાય મારું" રાષ્ટ્ર ગાન"!
હું આઝાદ ભારત માન ઋતબો મારો
જન જનમાં નામ વશે પ્લેટિનમ મહોત્સવે
આઝાદ દેશ ભારત કેરો નાદ નભે રણક્યો!
સાથે બોલીએ સ્વસ્થ ભારત સ્વચ્છ ભારત
હું છું મસ્ત ભારતપ કરો.. જયજયકારપ
જય ભારત
જય હિંદ
વંદે માતરમ

જયશ્રી પટેલ

---

NOG SS NO - 0037

પ્રકાર - પદ્ય.( બાળગીત)

શીર્ષક - મારા દેશનો ઝંડો.

લહેરાય.. લહેરાય.. મારા દેશનો ઝંડો લહેરાય, દિલ્લીનાં લાલ કિલ્લા ઉપર લહેરાય..
આઝાદીનું, પ્રતીક અમારું લહેરાય..
દેશની આન, બાન, શાન જાન અમારી.
રંગોથી રંગીલો,ત્રિરંગો ઝંડો લહેરાય..
રંગો,શાંતિ,હરિયાળી, વીરતાની પહેચાન.
ત્રિરંગો રાષ્ટ્રની અખંડતા, એકતાનું નિશાન,
ત્રિરંગો ત્રણેય દળોમાં લહેરાતો.
ત્રિરંગાનાં રક્ષણ માટે, ત્રિદળ તૈયાર છે.
ત્રિરંગો ઝંડો અમારી ભારત માતાનું ભાલ,
માતાનાં ભાલ નું રક્ષણ એ જ અમારું 'પ્રણ '
સદા લહેરાતો રહે,ત્રિરંગો ઝંડો અમારો.

હેમલતા દિવેચા.

---

ત્રિરંગો

ઊઠો ચાલો જવાનો,
હાકલ પડી માભોમની.
જીવ અને કફન સાથ લઈને,
આજ ત્રિરંગાને સલામ .
માભોમને કાજ....
હાકલ પડી છે માભોમની....
શપથ લઈએ સાથસાથ,
માભોમને કાજ, ઝીલીશું પડકાર
કરેંગે યા મરેંગે..
સામી છાતીએ વીંધીશુ અને વીંધાશુ.
પાછી પાની નહીં કરશું .
માભોમને કાજ
હાકલ પડી છે માભોમની.
આંખોમાં અગનજાળ,
અગનગોળામાં ઘેરાયેલું આકાશ.
સમરાંગણમાં માથુ મૂકીને,
દુશ્મનોને ના પીઠ દેખાડશું.
આજ મળશે જવાબ ગદ્દારોને,
ખભે ખભા મીલાવીને...
મા ભોમને કાજ
હાકલ પડી છે માભોમની
વતનની રક્ષાને કાજ પહેર્યું,
આજ કફન સાથ સાથ.
કેસરીયા થઈ યા હોમ કરીને
માભોમને કાજ....
હાકલ પડી છે માભોમની ...
વીરમાતાના કાળજાનો કટકો,
આશા ભરેલ કોડીલી કન્યાનો ભરથાર,
બેનીની રાખડીનો રક્ષણહાર.
કસમ છે મરી ફીટવાની પ્યારા ભારત દેશ.
આકાશે લહેરાતા ત્રિરંગા ને લાખલાખ
સલામ માભોમને કાજ..
હાકલ પડી છે માભોમની..

મીના માંગરોલીયા મીનુ, અમદાવાદ

# મહીસાગર ના લુણાવાડા માં રખડતાં ઢોર ના ત્રાસ થી ટ્રાફિક જામ ના દ્રશ્યો.



લુણાવાડા શહેરમાં રખડતાં ઢોર નો ત્રાસ વધતો જ જાયછે. નગરપાલિકામાં વખતોવખત પ્રજા જનો જાણ કરવા છતાં કોઈ પરિણામ જોવા મળી રહ્યું નથી.લુણાવાડામા પાંજરાપોળ હોવા છતાં આ રખડતાં ઢોર જાણે ઈંના કર્મચારીઓ નહોય? તે વા દ્રશ્યો ઉભા થઈ રહ્યા છે. લુણાવાડા બારોટ વાડા થી દર કોલી તળાવ સુધી નો વિસ્તારમાં જ વધારે ત્રાસ સર્જાઈ રહ્યો તેમ જોવાઈ છે. નગરપાલિકા કોઈ માણસો રોકી આવાં રખડતાં ઢોર ને અથવા ઢોરના મૂળ માંલિકને જાણ કરે તો કેવું?

રિપોર્ટ. ભીખાભાઈ માછી મહીસાગર



કેન્દ્રીય કેબીનેટમંત્રી શ્રી માન. પરશોત્તમભાઈ રૂપાલાનું બહુચરાજી ખાતે વિવિધ સમાજના આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ સાથે જ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ગુજરાત મ્યુન્સીપલ ફાઈનેન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી જી, પ્રદેશ ભાજપા મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ જી, ગોતરકા આશ્રમ ના પૂજ્ય શ્રી નિજાનંદ બાપુ સહિત મહાનુભાવો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



ઘનશ્યામ મહારાજ રાધાકૃષ્ણ દેવ પેથાપુર સ્વામિનારાયણ મંદિર. આજના શણગાર દર્શન જય સ્વામિનારાયણ.

### મોડાસા માં મહોરમ પર્વ શાદગી પૂર્ણ રીતે ઉજવાયો

# જીલ્લા પોલીસતંત્રના અધિકારીઓ અને રાજકીય અગ્રણીઓ તાજીયા સ્થળે પહોંચ્યા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

હઝરત મહંમદ સાહેબ નાં દોહીત હઝરત ઈમામ હસન અને હુસેન પોતાના બોતેર શાથી ઓ શાથે કરબલા નાં મેદાન માં માનવંતા નાં મૂલ્યો અને ઈસ્લામ નાં સીદ્ધ તો ખાતર શહાદત વ્હોરી લેતાં તેમની યાદ માં મોહરમ પર્વ મનાવવામાં આવે છેજેને લઈ અરવલ્લી જીલ્લા ના મોડાસા ખાતે સરકારી તાજીયા સુકાબજાર ઈમામ વાડા ખાતે તેમજ કસ્બા નાં તાજીયા કસ્બા ઈમામવાડા ખાતે રાખવામાં આવયા હતાસરકાર ની ગાઈડ લાઈન મુજબ કોરોના નેં ધ્યાને રાખીને સોશ્યલ ડીસ્ટન્સ માસ્ક અને સેનેટાઈઝર ની વ્યવસ્થા સાથે તાજીયા ના દર્શન નો લાભ શ્રદ્ધાળુઓએ લીધો હતો મહોરમ પર્વની નિમિત્તે D.Y.S.P.ભરત બસીયા, ટાઉન પીઆઇ એન જી ગોહીલ નગરપાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર એ આઇ એમ આઇ પાર્ટીના કોપરેટર રાજાબાબુ.શહીદ ભાઈ ગોલ્ડી.લાલાભાઈ.બુરહાન ચગન.રફીકભાઈ શેખ.કોંગ્રેસી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, કોર્પોરેટર હુશેનભાઈ ખાલક તેમજ રથયાત્રા ઉત્સવ સમિતિના ભરતભાઈ ભાવસાર અને રથયાત્રા સભ્યો ઉપસ્થિત રહી દર્શન નો લાભ લીધો હતો

સરકારી તાજીયા કમીટીના એમદહુસેન મલેક.મયુદદીન શેખ.જાકીરભાઈબેલીમ.સબબીરભાઈબેલીમ. આર.કે.પરમાર.સહીત ઈશાદબેલીમ તેમજ કસ્બા તાજીયા માં પ્રમુખ રહીમભાઈ જમાદાર.મહમદ શફી મલેક.બાબુભાઈમલેક. હનીફભાઈબેલીમ.તાજીયા પવ નુ સફળ સંચાલન કર્યું હતું મોહરમ પર્વ ને લઈ કસ્બા વિસ્તાર મોડાસા નગરપાલિકાના સેનેટરી વિભાગ તરફ થી સફાઈ ની સુંદર કામગીરી કરી દેવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો

### પોલીસે ટ્રાફીક જવાનોને ગાળો બોલી જાન થી મારી નાખવાની ધમકીનો ગુન્હો નોંધ્યો

# ભિલોડા : ફૂટના વેપારીને ટીઆરબી જવાને મારમાર્યોનો આક્ષેપ...

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજયમાં પોલીસ અને ફેરિયાઓ પથારાવાળો અને વેપારીઓ વચ્ચે અનેક વાર ટ્રાફીક નિયમન જાળવવા ઘર્ષણની સ્થીતી પેદા થતી હોય છે રાજયમાં પોલીસ ફેરિયાઓ અને વેપારીઓ પર દાદાગીરી કરી માર માર્યો હોવાની અનેક ઘટનાઓ સમયાંતરે બનતી રહી છે ત્યારે આવી જ એક ઘટના અરવલ્લી જીલ્લાના ભિલોડા નગરમાં બની હતી જેમાં વેપારીઓ અને ફેરિયાઓમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે

ભિલોડા નગરમાં ખાડીયા ચોકી ત્રણ રસ્તા પર પંકજ દશરથ વણઝારા ફૂટની લારી રોડ પર ટ્રાફીક થાય તે રીતે ઉભી રાખતા ટ્રાફિક નિયમનનું કામગીરી કરતા પોલીસ અને ટ્રાફિક જવાનોએ રોડ પરથી લારી હટાવવાનું કહેતા ફૂટના વેપારી અને ટીઆરબી જવાનો વચ્ચે ઘર્ષણ થતા ટીઆરબી જવાને પંકજ વણઝારાને માર મારતા અધમુવો કરી નાખ્યો હતો અને કપડાં પણ ફાડી નાખવાં આવ્યા હોવાનો આક્ષેપ સાથે સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી ન્યાયની માંગ કરી હતી બીજીબાજુ ભિલોડા પોલીસે ટ્રાફીક નિયમનનું પાલન કરવવા જતા પંકજ વણઝારાને હાથલારી રોડ પરથી હટાવી લેવાનું કહેતા નહીં હટાવતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી પોલીસજીપમાં બેસાડવા જતા ફૂટની લારીવાળાનું ઉપરાણું લઇ ૧૦ વધુ લોકો ધસી આવી કાયદેસરની કાર્યવાહીમાં અડચણ રૂપ બનતા અને ટ્રાફિક જવાનોને બીભસ્ત ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર ઘટના ટોક ઓફ ધી ટાઉન બની છે

ભિલોડા પોલીસે પોલીસકર્મી કલ્પેશભાઈ નેમાભાઈની ફરિયાદના આધારે ૧)પંકજ દશરથ વણઝારા,૨)દિનેશ પરથી વણઝારા,૩) ભીમા વણઝારા (ત્રણે,રહે નારસોલી ટાંડા),૪)મુકેશ ગબા વણઝારા (કરુંડા,ખેડબ્રહ્મા) અને એક અજાણ્યા ઈસમ સહીત ટોળા સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

### અમૃત મહોત્સવ નિમિતે ઑન લાઈન

# સામયિક પરિવેશ ગુજરાત મંચ પર ૭૫ કવિઓ ને સમ્માનિત કરવામાં આવ્યા

સામયિક પરિવેશ ગુજરાત મંચ પર ઑન લાઈન કવિ સંમેલન અમૃત મહોત્સવ નિમિતે ૭૫ મી વર્ષ ગાંઠ પર રાજય પ્રભારી ગુજરાત પ્રદેશ અને અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા હિન્દી માં કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં કુલ મળીને ૭૫ કવિઓ એ રાષ્ટ્ર પ્રેમ ની રચનાઓ પ્રસ્તુત કરી હતી. આ કવિઓ ને સમ્માનિત કરવા આજે સમ્માન સમારોહ યોજાયો હતો જેમાં સહ સંપાદક સામયિક પરિવેશ હિન્દી પત્રિકા ના શ્રી શ્યામ ભારતી જી, શ્રી ધર્મેશ જોશી ગોધરા તથા શ્રી શૈલેષ વાણિયા અધ્યક્ષ ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ ઉપસ્થિત રહ્યા હતા અને કવિઓ ને સમ્માન પત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા તેઓ દ્વારા કવિઓ ને શુભેચ્છા પાઠવી હતી

આ કાર્યક્રમ માં શ્રી ડૉ પટેલ દ્વારા અતિથિ ઓનું સન્માન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં શ્રી સુનીલ સુથાર કલમ સે કલમ તક દાંતીવાડા ના અધ્યક્ષ શ્રી તથા મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ની બિહાર ઈકાઈ ના અધ્યક્ષ શ્રી ડૉ મીના પરિહાર પટના બિહાર ઉપસ્થિત રહ્યા હતા તેઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ એંકર શ્રી માધુરી ભટ્ટ યુ પી ઈન્ડિયા ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ની સરાહના કરી હતી. આ પ્રસંગે તેઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ કુલ ૭૫ કવિઓ ને જ સામેલ કરવામાં આવ્યા હતા કારણ કે ૭૫ મી આઝાદી ની વરશગાંઠ ઉજવવામાં આવેલ હોય ૭૫ કવિઓ ને સમ્માનિત કરવામાં આવ્યા હતા.

ડૉ ગુલાબચંદ પટેલ

### ખાખીની માનવતા મહેંકી ઉઠી

# ઇસરી પોલીસે અસ્થીર મગજના વૃદ્ધાના પરીવારની ભાળ મેળવી પરીવાર સાથે મીલન કરાવ્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ


અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ અધીકારીઓ અને કર્મચારીઓ ખાખીને દાગ લગાવી રહ્યા છે સીક્કાની બીજીબાજુ જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને પોલીસકર્મીઓની ઉમદા અને માનવતા ભરી કામગીરી ખાખીને ચાર ચાંદ લગાવી રહી છે ઈસરી પીએસઆઈ વી.વી.પટેલ અને તેમની ટીમને પેટ્રોલીંગ દરમિયાન અસ્થીર મગજના વૃદ્ધા નિઃસહાય હાલતમાં જોવા મળતા ઈસરી પોલીસ સ્ટેશન લઇ આવી વૃદ્ધાને ભરપેટ જમાડી સાંત્વના આપી વૃદ્ધાના પરિવારજનોની શોધખોળ આદરી ગણતરીના કલાકોમાં વૃદ્ધાના પરીવારને શોધી પરીવાર સાથે મિલન કરાવતા વૃદ્ધા મહીલાની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા.ઈસરી પોલીસ પેટ્રોલીંગમાં નીકળી હતી ત્યારે ગાંધીચોકમાં રોડ વચ્ચે એક વૃદ્ધ મહીલા સતત ખાવાનું માંગી રહી હોવાનું જોવા મળતા પેટ્રોલીંગમાં નીકળેલ પીએસઆઈ વી.વી.પટેલ અને સ્ટાફનું હૃદય દ્રવી ઉઠ્યું હતું અને વૃદ્ધા માનશીક બીમાર હોવાનું જણાતા તેમને ઈસરી પોલીસ સ્ટેશન લાવી જમવાની વ્યસ્થા કરી વૃદ્ધા સાથે વાર્તાલાપ કરી સાંત્વના આપી પરિવારજનોની શોધખોળ હાથધરાતા વૃદ્ધ મહીલા નાનીબેન જીવાભાઈ ગામેતી નવા પાણીબાર ગામના હોવાનું જાણવા મળતા તાબડતોડ વૃદ્ધ મહિલાના પરીવારનો સંપર્ક કરી તેમના પુત્ર કાંતિભાઈ જીવાભાઈ ગામેતીને ઈસરી પોલીસ સ્ટેશનમાં બોલાવી વૃદ્ધ મહીલા સાથે મિલન કરાવ્યું હતું અને વૃદ્ધ મહિલાને પુત્ર સાથે પોલીસ વાહનમાં ઘરે મોકલી આપી માનવતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હત. ઈસરી પીએસઆઈ વી.વી.પટેલે માનશીક બીમાર વૃદ્ધ મહિલાના પુત્રને વૃદ્ધા ઘરેથી ન નીકળી જાય અને યોગ્ય રીતે સાળ-સંભાળ રાખવા અંગે તાકીદ કરી હતી

# દાભોળકર હત્યા પ્રકરણ : વાસ્તવિકતા અને વિપર્યય !આ વિષય પર ઓનલાઇન વિશેષ સંવાદ !

૨૦ ઑગસ્ટ ૨૦૧૩ના દિવસે ડૉ. નરેંદ્ર દાભોલકરની પુણે ખાતે હત્યા થયા પછી પુણે પોલીસે ખંડેલવાલ અને નાગોરીની ધરપકડ કરી હતી. ત્યાર પછી 'સીબીઆય'ને આ તપાસ સોંપવામાં આવ્યા પછી તેમણે સારંગ આકોલકર અને વિનય પવારને આ પ્રકરણમાં આરોપી બનાવીને ડૉ. વીરેંદ્ર તાવડેને મુખ્ય સૂત્રધાર કહીને ધરપકડ કરી. પ્રત્યક્ષદર્શી સાક્ષીદાર પણ ઊભા કર્યા. ત્યાર પછી ૨૦૧૮માં આ જ 'સીબીઆય'ના તે જ અધિકારી કહેવા લાગ્યા, 'સારંગ આકોલકર અને વિનય પવારે નહીં, પણ સચિન અંધુરે અને શરદ કળસકરે દાભોળકર પર ગોળીઓ છોડી. 'આને તપાસ સમજવી શું ? આ તપાસની વિશ્વાસનીયતા વિશે કોઈ જ કાંઈ બોલતું નથી. આ પ્રકરણમાંના આરોપીઓને જામીન મળતા નથી. હજી પણ ડૉ. તાવડે કારાગૃહમાં છે. આ બનાવની તપાસ યોગ્ય પદ્ધતિએ થઈ નથી; પણ દાભોળકરની હત્યાની તપાસને જાણીજોઈને વિશિષ્ટ દિશા આપવામાં આવે છે, આની તપાસ થવી જોઈએ', એવી માગણી હિંદુ વિધીજ્ઞ પરિષદ'ના રાષ્ટ્રીય અધ્યક્ષ ધારાશાસ્ત્રી વીરેંદ્ર ઈચલકરંજીકરે કરી. તેઓ 'હિંદુ જનજાગૃતિ સમિતિ' આયોજિત 'દાભોળકર હત્યા પ્રકરણ : વાસ્તવિકતા અને વિપર્યય !' આ 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા.

ધારાશાસ્ત્રી ઈચલકરંજીકરએ ઉમેર્યું કે, 'દાભોળકર હત્યા પ્રકરણમાં એકંદરે જ તપાસયંત્રણા દ્વારા સગવડતા અનુસાર સર્વ બાબત ઢસરડીને લઈ જવામાં આવે છે. આ ન્યાયાલયમાં સ્પષ્ટ થશે જ. જે રીતે મડગાવ પ્રકરણમાં સનાતન સંસ્થાના ૬ સાધકોનો નિર્દોષ છુટકારો થયો, તે પ્રમાણે આ પ્રકરણમાં પણ તેમ જ થશે, એવી અમને આશા છે.'

હિંદુ જનજાગૃતિ સમિતિના મહારાષ્ટ્ર રાજ્ય સંગઠક શ્રી. સુનિલ ઘનવટે કહ્યું કે, 'પોતાને વિવેકવાદી કહેડાવનારા દાભોળકરનાં ટ્રસ્ટના અનેક આર્થિક ગોટાળા અમે પુરાવા સહિત ઉજાગર કર્યા છે. તેવા જ નિરીક્ષણો સતારા ધર્માદય આયુક્ત કાર્યાલયના નિરીક્ષક, અધિક્ષક અને સહાયક આયુક્તે નોંધ કર્યા છે. એટલું જ નહીં, પણ આ જ સંગઠનના કાર્યાધ્યક્ષ અવિનાશ પાટીલે ટ્રસ્ટના કારભાર વિશે, તેમજ તે ટ્રસ્ટ પોતાના નિયંત્રણ હેઠળ રાખવા ઈચ્છુક દાભોળકર કુટુંબીઓ પર જાહેરમાં આરોપ કર્યા., એનાથી અમે કરેલા આરોપ ખરાં હતા, એ જ સિદ્ધ થાય છે. તેથી 'અંનિસ'ના ગેરકારભાર વિશે ઊંડી તપાસ થવી જોઈએ. 'અંનિસ'ના ટ્રસ્ટ પર તુરંત પ્રશાસક નીમવા જોઈએ. સનાતન સંસ્થાના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. ચેતન રાજહંસે કહ્યું કે, 'માનવીય નાસ્તિક મંચ' એવું પહેલાંનું નામ રહેલી સંગઠનાનું હમણાનું સરસ નામ 'અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ' એમ છે; પરંતુ તેનો ખરો પ્રચાર નાસ્તિકતા વિશે ચાલુ છે. ધર્મને અફીણની ગોળી માને છે, તે વ્યક્તિશઃ નાસ્તિક છે. તેનો રાજકીય વિચાર કમ્યુનીસ્ટ છે. શારીરિક સ્તર પર સંઘર્ષ કરતી સમયે તે નક્ષલવાદી હોય છે, જ્યારે વૈચારિક સ્તર પર સંઘર્ષ કરતી સમયે તે 'અર્બન નક્ષલવાદી' બને છે. એટલે ધર્મમાં ન માનનારા આવા આંદોલનોથી આપણે દૂર રહીએ, એવું આવાહન અમને કરવાનું મન થાય છે.'




### માણાવદરમાં દોશી પરિવાર દ્વારા ૩ ૨ વડીલો માટેના આશ્રયસ્થાનનો ૨૮મીથી પ્રારંભ થશે




દોશી પરિવાર માણાવદર દ્વારા રચિત શ્રુતિના ફાઉન્ડેશન દ્વારા માણાવદરમાં ચંદ્રશ્રુતિ ઘરનું ઘરનો આરંભ ૨૮ ઓગસ્ટના રોજ પરિવારના વડીલ શ્રીમતી દેવ્યાનીબેનના હસ્તે કરવામાં આવશે.ચંદ્રશ્રુતિ વૃદ્ધાશ્રમ છે જ્યાં જરૂરિયાતવાળા નિરાધાર અને ૬૫ વર્ષથી મોટી ઉંમરના વડીલોને નિશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવવા માટેનું નિયત ફોર્મ દોશી પરિવારના પંચવટી સોસાયટી સ્થિત નિવાસસ્થાને મળી રહેશે.વિશાળ વૃદ્ધાશ્રમમાં એક રૂમમાં બે વડીલોને રાખવામાં આવશે તથા દરેકની જરૂરિયાત મુજબ પહેરવાના વસ્ત્રો પણ આપવામાં આવશે. આ સંકુલમાં સત્સંગ હોલ, લાઈબ્રેરી, ચિકિત્સાલય, ઈન્ડોર રમતો માટેનો હોલ, મંદિર, ભોજનકક્ષ, તથા વિશાળ બગીચા સાથેનું પટાંગણ છે. ઓર્ગેનિક શાકભાજીનું વાવેતર પણ સંકુલની જગ્યામાં થશે.

સંકુલમાં દર મહિને સારા તબીબો વડીલોના સ્વાસ્થ્યનું પરીક્ષણ કરવા મુલાકાત લેશે.વૃદ્ધાશ્રમમાં વડીલોને પખવાડિક પિકનિક માટે એક બસની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.વૃદ્ધાશ્રમમાં પૌષ્ટિક નાસ્તો, ચા, બપોરે ભોજન, સાંજે હળવો નાસ્તો, ચા અને સાંજે ભોજન આપવામાં આવશે. વડીલોના રૂમ તથા કપડાં વાસણની સફાઈ માટે અલગથી કર્મચારીઓ રહેશે આ સંકુલમાં ૩૨ વડીલોનો સમાવેશ કરવામાં આવશે

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

### હવે ભિલોડાના અંતરીયાળ વિસ્તારોમાં રેડ ક્રોસ સોસાયટીની સુવાસ ફેલાશે

# ભિલોડામાં ઈન્ડિયન રેડ ક્રોસ સો.નું કાર્યાલયનું ઉદ્ઘાટન



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર વિશ્વમાં આરોગ્યલક્ષી સેવાઓમાં અગ્રેસર અને અરવલ્લી જીલ્લામાં આરોગ્ય લક્ષી સહીત વીવીધ સેવાકીય કાર્યો અને જરૂરિયાતમંદ લોકોની સેવામાં અગ્રેસર રહેતી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ધીરે ધીરે અંતરીયાળ વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓ લોકોને મળી રહે તેવા સતત પ્રયત્ન આદર્યા છે ત્યારે જિલ્લાના આદીવાસી વસ્તી ધરાવતા ભિલોડા તાલુકામાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની નવી કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જેથી આદિજાતિ વિસ્તારના લોકોને હવે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના કાર્યોનો સરળતાથી લાભ મળશે.

ભિલોડા તાલુકામાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની નવીન શાખાનું ભિલોડાના ધારાસભ્ય અનલિભાઈ જોષીયારાએ કાર્યાલય ખુલ્લું મૂક્યું હતું અને ભિલોડા રેડ ક્રોસ સોસાયટી ને ૨૧ હજાર રૂપિયાનું દાન આપ્યું હતું તેમજ રેડક્રોસ માટે આગામી સમયમાં જે પણ યોગદાન આપવાનું થાય . લેબોટરી, બ્લડબેંક કે રેડ ક્રોસ ની કઇ પણ સુવિધા હોય તેમાં મારુ યોગદાન રહેશે. રેડ ક્રોસ ની સ્થાપના કરી મહિલાઓ આગળ આવી જાગૃત બની તે બદલ મહિલાઓને બિરદાવી હતી. અરવલ્લીના મોડાસા રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી ભરતભાઈ પરમારે રેડ સારી એવી રૂપરેખા અને અભિયાન પોતે ચલાવી રહ્યા છે જેમાં તેઓએ કહ્યું કે રેડ ક્રોસ એનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે તેની વિસ્તૃત માહીતી આપી જેમાં પ્રાથમિક સારવાર હોમ હેલ્થ કેર જે રોજગાર લક્ષી આરોગ્ય અને શિક્ષણ જે છેલ્લા પાંચ વરસથી ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લામાં આ પ્રવૃત્તિ ચાલી રહી છે. અરવલ્લી જિલ્લાના તમામ તાલુકામાં જેમકે માલપુર, મેઘરેજ બાયડ,

ભિલોડા ,ધનસુરા દરેક જગ્યાએ રેડ ક્રોસ સોસાયટીની તાલુકા બ્રાન્ચો કરવામાં આવી છે આવી છે ગ્રામ્ય વિસ્તારના લોકોને અને આસપાસના વિસ્તારના લોકોને પ્રાથમિક સારવાર માટે મોડાસા અને અમદાવાદ ન જવું પડે ગ્રામ્ય વિસ્તારના લોકોનો સમય બચે અને આર્થિક ભારણ પણ બચે,તે માટે તેઓએ દરેક જગ્યાના તાલુકામાં રેડ ક્રોસ સોસાયટી ની બ્રાન્ચ બનાવી છે. કોલોજ નાં વિદ્યાર્થીઓ માટે યુથ રેડ ક્રોસ મા થેલેસીમિયા પરિક્ષણ , શિક્ષણ, આરોગ્ય તેમજ રાજ્યને દેશ નો સારો નાગરિક બને એનું ઘડતર થાય એવું માર્ગ દર્શન આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે તેઓ આ કાર્ય કરી રહ્યા છે જેઓ લોકજાગૃતિ પ્રાથમિક સારવાર તેમજ સમાજ સેવાકીય પ્રવૃત્તિઓમાં અત્યાર સુધી યોગદાન આપી રહ્યા છે. તેમજ પ્રસંગને કિરણ ભાઈ ખરાડી, વિઠ્ઠલભાઈ પટેલ, અરવિંદ ભાઈ શ્રીમાળી , શ્રી ડો. કટારા , સી. એની બેન અને સી. પ્રેમિલાબેને આ મહુનાભવો એ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું ભિલોડા રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી મેરી બહેન ને મહેમાનોનું પરિચય અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું લક્ષ્મીબેન જેઓ રેડક્રોસ સોસાયટીના સેકરેટરી છે તેઓએ પ્રોગ્રામ નું સંચાલન કર્યું હતું અને તેમજ સવિતાબેન જેઓ વાઈસ ચેરમેન છે તેઓ એ આભાર વિધિ કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી. આ કાર્યક્રમ મા રેડ ક્રોસના સભ્યો અને ગામના પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આદિજાતિ વિસ્તારમાં રેડક્રોસ સોસાયટીની નવીન શાખા આદિવાસી મહિલા વિકાસ સંઘ ભિલોડાની જગ્યામા ખુલ્લી મુકાઈ છે. હવે તાલુકામાં પણ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની શરૂઆત થતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK